

بسم الله الرحمن الرحيم

رَبِّ زِدْنِيْ عِلْمًا وَّارْزُقْنِيْ فَهْمًا

**અય મારા રબ! મારું ઈલ્મ વધાર,**
**અને મને સમજદારીની રોજી અતા કર.**



**સરપરસ્ત**

**મર્હૂમ અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) અને પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)**



**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

# આવાઝ જعفری

# જાફરી આવાઝ


શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

**Vol.-13, Issue-10, September-2026**

વર્ષ : ૪૫ સળંગ અંક : ૫૩૭



**સંપાદક મંડળ**

આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા

તંત્રી : કાસિમભાઈ વિજાપુરા–૯૪૨૬૫૪૧૪૭૨

સહતંત્રી : ફૈઝમોહંમદ મસી

સલાહ–માર્ગદર્શન : મૌલવી હાસમભાઈ ગાંધી (કેસીમ્પા)
મૌલવી સાદિકઅલી નાંદોલીયા (ડીંડરોલ)

લેસર&ગ્રાફીક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા
અકબરહુસૈન ફત્તેહ

**વ્યવસ્થાપક મંડળ**

વ્યવસ્થાપક : રઝાઅલી ખાણુશીયા–૮૪૬૦૪૯૨૪૨૯



**કાર્યાલયનું સરનામું**

**'જાફરી આવાઝ' (માસિક)**

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com



Title Calligraphy: http://www.asr-entezar.ir


## લેખાનુક્રમ


- **ઉઘડતે પાને**

હિદાયત: હઝરત અશ્મૂઈલ (અ.) અને.............. 3
-હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

- **તંત્રી લેખ**

કરબલામાં આગમન................................. 7
-મોમિન કાસિમભાઈ વિજાપુરા

- **કુરઆન અને હદીસ**

કુરઆન શિક્ષણ.................................... 11
-હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

ગુરરુલ હિકમ..................................... 13
-જનાબ સૈયદ ઓવેસએહમદ ઝેડ. જાફરી

નહ્જુલ અસરાર.................................. 17
-મોમિન કાસિમભાઈ વિજાપુરા

- **તરીકત**

મશાયખવાણી ..................................... 21
-હઝરત પીર મશાયખ (રહ.)

- **અદબિયાત**

મીર અનીસના મરસિયા.......................... 25

- **તારીખ અને ભૂગોળ**

સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.) .............. 29
-જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

અલ ઈર્શાદ........................................ 35
-જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

- **અખ્લાક**

મિસ્બાહુશ્શરીઆ................................. 39
-હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)
હાજરપીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)

તહ્ઝીબુલ ઈસ્લામ................................ 43
-હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન...... 45
-મોમિન સખાવતઅલી સુણસરા

- **અન્ય**

વ્યક્તિ વિશેષ – હઝરત અકીલ (અ.)ના ફરઝંદો.. 51
-મૌલવી મોહંમદઅલી ભગત

આપણા ઘરની વાતો.............................. 55

'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન................ 57

## હિદાયત:

# હઝરત અશ્મૂઈલ (અ.) અને હઝરત દાવૂદ (અ.)નો કિસ્સો

હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

أَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ

### હઝરત દાવૂદ (અ.)નો કિસ્સો

આ વિષે ઘણીબધી આયતો તો આપણે હઝરત સુલયમાન (અ.)ના કિસ્સામાં — જે તેમના ફેંસલા વિષેની આયતો હતી તેમાં — જોઈ ગયા. હવે બાકીની જે આયતો છે તે આમાં હશે.

### داوود علیہ السلام کی زندگی سے درس حاصل کریں

કુરઆન શરીફ આવું કહે છે કે દાવૂદ (અ.)ના જીવનથી તમે પ્રેરણા લો, સબક હાસિલ કરો.

حضرت داوود علیہ السلام بنی اسرائیل کے بزرگ انبیاء میں سے تھے۔

તે મોટા નબીઓમાંથી હતા.

انہیں اللہ نے ایک عظیم حکومت عطا کی۔ قرآن مجید کی متعدد آیات میں ان کے بلند مقام کی تعریف کی گئی ہے۔

ઘણીબધી આયતોમાં તેમના મર્તબાનું વર્ણન કરવામાં આવ્યું છે.

ان کی جسمانی طاقت کا یہ عالم تھا کہ جب بنی اسرائیل کا ایک ظالم حکمران جالوت میدان جنگ میں آپؑ کے مد مقابل آیا تو آپؑ نے آلہ سنگ اندازی سے اس قوت سے پتھر پھینکا کہ جالوت گھوڑے کی پشت سے زمین پر آ گیا اور اپنے خون میں لوٹنے لگا۔

આપણે જોઈ ગયા પહેલાંના કિસ્સામાં.

بعض نے لکھا ہے کہ پتھر نے اس کا سینہ چیر دیا اور دوسری طرف سے نکل گیا۔

જુદી–જુદી રિવાયતો હવે આમાં જોવામાં આવે છે. પહેલાં તો કપાળની વાત હતી. હવે સીનાની વાત છે. તેની છાતીની વાત છે કે જાલૂતની છાતીમાં પત્થરો પૈવસ્ત થઈ ગયા ને આવી રીતે તે પરાસ્ત થયો. મરણ પામ્યો.

دوسری طرف آپؑ کی سیاسی اقتدار کا یہ حال تھا کہ ایک طاقتور حکومت آپؑ کے ہاتھ میں تھی اور آپؑ پوری طاقت سے دشمنوں کے مقابلے میں کھڑے ہوتے تھے۔

આપણે જોઈ ગયા કે જે હુકૂમત સુલયમાન (અ.)એ સંભાળી હતી તે હુકૂમતનો પાયો દાવૂદ (અ.)એ નાખ્યો હતો, કારણ કે તેઓ તેમના પિતા હતા. તો એ હુકૂમત પણ વિશાળ હતી. તે કેવી હતી તે આપણે જોઈ ગયા.

علماء نے یہاں تک کہا ہے کہ آپؑ کی محراب عبادت

# جناب داوود علیہ السلام پر الٰہی نعمتیں

કઈ કઈ નેઅમતો?

قرآن مجید اجمال کے بعد تفصیل کی اپنی خاص روش کے مطابق اب حضرت داوود علیہ السلام پر نعمات الٰہی کی کچھ تفصیل بیان کرتا ہے۔

એટલે શરૂઆતમાં તો પરિચય આપી દીધો સંક્ષિપ્તમાં, હવે વિસ્તૃત વર્ણન કરે છે કે કઈ કઈ નેઅમતો આપેલી હતી.

ارشاد ہوتا ہے: ''ہم نے اس کے لئے پہاڑ مسخر کر دیے، اس طرح سے کہ صبح و شام وہ اس کે ساتھ تسبیح خدا کرتے تھے۔''

(સૂરા સાદ, આયત–૧૮)

અમે તેમની સાથે પહાડ (પર્વતો) રાખી દીધા — દાવૂદ (અ.)ની સાથે — કે એમની સાથે મળીને સવાર–સાંજ અલ્લાહની તસ્બીહ કરતા હતા. એટલે આપણને જે વિચાર આવે, જે કલ્પના થાય, તે એવી થાય કે પહાડ હશે, જ્યાં હઝરત દાવૂદ (અ.) તસ્બીહ કરવા બેસતા હશે. જ્યારે હઝરત દાવૂદ (અ.) તસ્બીહ કરી રહ્યા હોય, ત્યારે તસ્બીહના જે દાણા હોય, તેમનો જે અવાજ હોય, તે અવાજ આખા પહાડ પર ગુંજતો હોય અને એક સંગીતમય અવાજ ચારે તરફ ફેલાઈ જતો હોય એવું શક્ય છે. તો અલ્લાહ આ વિષે કહે છે કે પહેલી નેઅમત તો એ કે અમે પહાડોને કહી દીધું હતું કે, આમની સાથે તમારે તસ્બીહ કરવાની છે.

کے چاروں طرف ہزار افراد شام سے صبح تک تیار کھڑے رہتے تھے۔

સવારથી સાંજ સુધી આપ (અ.) જ્યાં ઈબાદત કરતા હતા તેની આજુબાજુ એક હજાર માણસો ઊભા રહેતા હતા.

نیز آپؑ کی روحانی، اخلاقی اور عبادی طاقت کا یہ عالم تھا کہ رات کا ایک حصہ بیدار رہتے اور پروردگار کی عبادت میں مشغول رہتے اور سال بھر کے آدھے ایام روزے میں گزارتے۔

આવા શક્તિશાળી. શારીરિક શક્તિ પણ એવી હતી કે નવયુવાનીમાં જાલૂતને ફક્ત ગિલોલ વડે પરાસ્ત કર્યો. એ જોઈ ગયા. તેમ છતાં એમની ઈબાદતનો એવો આલમ હતો કે રાત્રીનો એક ભાગ તેઓ ઈબાદતમાં ગાળતા હતા અને વર્ષના અડધા દિવસ તેઓ રોઝા રાખતા હતા.

نعمتوں کے لحاظ سے بھی اللہ تعالیٰ نے آپؑ کو طرح طرح کی ظاہری اور باطنی نعمتیں عطا کر رکھی تھیں۔

ઘણીબધી નેઅમતો પણ આપી હતી.

خلاصہ یہ کہ حضرت داوود علیہ السلام ایک ایسی شخصیت تھے کہ جنگ میں، عبادت میں، علم میں اور حکومت میں بہت قوی تھے اور انہیں فراواں نعمتیں حاصل تھیں۔

જંગમાં પણ આગળ, ઈબાદતમાં પણ આગળ, જ્ઞાનમાં પણ આગળ ને રાજપાટમાં પણ આગળ. આવી રીતે ઘણીબધી નેઅમતોથી અલ્લાહે તેમને નવાજ્યા હતા.

અને ફરી–ફરીને હઝરત દાવૂદ (અ.) પાસે આવતાં હતાં. હઝરત દાવૂદ (અ.)ની સંગત તેમને પસંદ હતી.

اگرچہ عالم کے تمام ذرات خدا کا ذکر، تسبیح اور حمد کرتے ہیں، خواہ کوئی داوود علیہ السلام ان کے ساتھ ہم صدا ہو یا نہ ہو، لیکن داوودؑ علیہ السلام کا امتیاز یہ تھا کہ ان کے صدا بلند کرنے اور تسبیح کی نغمہ سرائی کے وقت ان موجودات کے اندر جو کچھ پوشیدہ تھا وہ آشکار و ظاہر ہو جاتا تھا اور اندرونی زمزمہ بیرونی نغمہ کے ساتھ تبدیل ہو جاتا تھا، جیسا کہ پیغمبرؐ اسلام کے ہاتھ پر سنگریزہ کی تسبیح کے بارے میں بھی روایات آئی ہیں۔

તો અહીં જે આ કિતાબના કર્તા છે તે પોતાનો વિચાર વ્યકત કરે છે કે પક્ષીઓ કે પહાડ જ શું, અલ્લાહની સૃષ્ટિનો એક એક તણખો એ અલ્લાહની તસ્બીહ કરતો હોય છે. તો દાવૂદ (અ.) તસ્બીહ કરતા હોય કે ન હોય, એક એક તણખો તો તસ્બીહ કરતો જ હોય છે. તો એમાં તો કોઈ આશ્ચર્યની વાત નથી. પરંતુ દાવૂદ (અ.)ની વિશેષતા એ હતી કે જેવું જ તે તસ્બીહ કરવાનું શરૂ કરતા હતા, એ સમયે — એટલે કે અલ્લાહની સૃષ્ટિ પોતાની રીતે જે ઈબાદત કરે છે એ તો જુદી વાત છે, પરંતુ જ્યારે દાવૂદ (અ.) ની સદા બુલંદ થતી હતી ત્યારે — પક્ષીઓ અને પહાડો તેમની સાથે અવાજ મિલાવતાં હતાં, અને તેમની અંદર — પક્ષીઓ અથવા પહાડની અંદર — જે જે સુંદરતા હતી તે બહાર નીકળવા લાગતી હતી. એટલે પહાડની સુંદરતા શું હોય? હરિયાળી હોય. હરિયાળી કદાચ તસ્બીહ પહેલાં ન હોય, તો

''نہ صرف پہاڑ بلکہ سب پرندے بھی اس کے لئے مسخر کر دیے تاکہ ہمیشہ اس کے ہمراہ اللہ کی تسبیح کریں۔''

(સૂરા સાદ, આયત–૧૯)

હવે બીજી આયત કહે છે કે, પહાડ જ નહીં, અમે પક્ષીઓ પણ તેમના માટે મૂકી દીધાં, કે જ્યારે પણ તસ્બીહ કરે ત્યારે પક્ષીઓ પણ તેમની સાથે તસ્બીહ કરે. એટલે તમે કલ્પના કરો, નબી છે, અલ્લાહની યાદમાં મસ્ત, તસ્બીહ કરી રહ્યા છે. તેમની તસ્બીહ, તેમનો મૌખિક જે ઝિક્ર કરતા હોય, તેનો ગુંજ, તેના દાણાઓનો ગુંજ, ચારેય તરફ ફેલાતો હોય. તેમનો અવાજ સાંભળીને પક્ષીઓ ખુશ થતાં હોય. તે તેમની ભાષાઓમાં તસ્બીહ કરતાં હોય. કેટલો સુંદર માહોલ થઈ જતો હોય! આ મોઅજિઝો હઝરત દાવૂદ (અ.)ને અલ્લાહે આપેલો હતો.

''یہ سب پرندے اور پہاڑ حکم داوودؑ کے مطیع تھے، اس کے ساتھ ہم آواز تھے اور اس کی طرف بازگشت کرنے والے تھے۔''

(સૂરા સાદ, આયત–૧૯)

આ બધાં પક્ષીઓ અને પહાડ...

حکم داوودؑ کے مطیع تھے،

દાવૂદ (અ.)ના હુકમથી તેઓ આજ્ઞાપાલન કરતાં હતાં.

اس کے ساتھ ہم آواز تھے،

હઝરત દાવૂદ (અ.)ના અવાજ સાથે અવાજ મિલાવતાં હતાં.

اور اس کی طرف بازگشت کرنے والے تھے۔

તસ્બીહ સાથે લોકોને જોવા મળતી હતી. બીજું કે પહાડની અંદર સુંદર જીવો કે જે ગુફાઓમાં ને બીજી જગ્યાએ છુપાયેલા હોય એ તસ્બીહની સાથે બહાર નીકળી જતા હતા, અને તસ્બીહના કારણે જે માહોલ હતો તેની સુંદરતામાં વધારો થઈ જતો હતો. આ હઝરત દાવૂદ (અ.)નો મોઅજિઝો હતો. અને આવી જ રિવાયતો કે રસૂલલ્લાહ (સ.)ના હાથ પર સંગરેઝાએ તસ્બીહ પઢી. આવી રિવાયત આવેલી છે. આપણે જાણીએ છીએ કે ખાતમુન્નબીય્યીન છે. બધા નબીઓમાં જે મોઅજિઝા હતા તે બધા ફક્ત રસૂલલ્લાહ (સ.)માં હતા. તો એમાં કોઈ આશ્ચર્યની વાત નથી. અને આવી રિવાયત આવેલી છે તો આવી રિવાયતથી દાવૂદ (અ.)નો મોઅઝિજો પણ આપણે સમજી શકીએ.

ایک روایت میں امام صادق علیہ السلام سے منقول ہے:

એક રિવાયતમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.) ફરમાવે છે:

”داوودؑ، دشت و بیابان کی طرف نکلے اور جس وقت آپؑ زبور کی تلاوت کرتے تو کوئی پہاڑ اور پتھر اور پرندہ ایسا نہ تھا کہ جو ان کے ساتھ ہم آواز نہ ہوتا ہو۔“

હઝરત ઈમામ જાફર સાદિક (અ.) ફરમાવે છે, આ તસ્બીહ શું હતી? ઝબૂર, જે એમને અલ્લાહ તરફથી મળેલી હતી — કિતાબ. તેઓ તેની તિલાવત કરતા હતા. અને જ્યારે તિલાવત કરતા હતા ત્યારે કોઈ પત્થર, પહાડ અથવા પક્ષી એવું ન હતું કે જે તેમની સાથે અવાજ મિલાવતું ન હતું. આવી રિવાયત ઈમામ જાફર સાદિક (અ.)ની છે.


**જીવનદીપ કેમીસ્ટ, હિંમતનગર**

**શબ્બીરહસન હાસમભાઇ વિજાપુરા**

જેઠીપુરા-ઝહીરાબાદ

**94080 14440**

**એડમીનીસ્ટ્રેટર** **જીવનદીપ હોસ્પિટલ & ICU**

**ડૉ.ગોપલાણીની હોસ્પિટલના પહેલા માળે,**
**આરોગ્યનગર, બસસ્ટેન્ડની બાજુમાં, હિંમતનગર, સાબરકાંઠા - 383001**

# કરબલામાં આગમન

મોમિન કાસિમભાઈ વિજાપુરા (મહેરપુરા)

આ બાજુ, જ્યારે ઈમામ હુસૈન (અ.)એ કૂફા જવા માટે મક્કાને છોડી દીધું, ત્યારે મોટી સંખ્યામાં લોકો આપના સંગાથે જોડાયા હતા. લોકોમાંથી ઘણાએ એવું વિચાર્યું હતું કે જો નબી (સ.)ના નવાસા યઝીદની સામે ઊભા થશે, તો સમગ્ર ઈસ્લામી દુનિયા તેમને ટેકો આપશે અને યઝીદ ચોક્કસપણે સત્તા સ્થાનેથી ગબડી પડશે. તેમણે એવું વિચાર્યું હતું કે તેઓ ઈસ્લામની ભવ્યતામાં અને તેના પછી મળનારા માલે ગનીમતમાં ભાગીદાર બનશે. જો કે, ઈમામ હુસૈન (અ.)એ વારંવાર તેમને ચેતવણી આપી હતી કે એવું વિચારવામાં તેઓ ભૂલ કરે છે, તેમ છતાં લોકોના ટોળાએ આપની સાથે મુસાફરી કરવાનું ચાલુ રાખ્યું હતું.

ઈમામ હુસૈન (અ.)એ ઈરાક તરફની પોતાની મુસાફરી ચાલુ રાખી એટલે સુધી કે આપ (અ.) કૂફાની નજીક આવી ગયા. ત્યાંથી આપ (અ.)એ કૂફાના લોકોને એક કાગળ લખ્યો અને કૈસ ઈબ્ને મસ્હર સૈદાવી સાથે રવાના કર્યો.

કાગળમાં આપ (અ.)એ કૂફાના લોકોને એવી માહિતી આપી હતી કે તેમને મુસ્લિમ (અ.)નો પત્ર મળી ગયો છે અને તેઓ કૂફા તરફના રસ્તા પર છે અને જલ્દીથી કૂફા આવી પહોંચશે. કૈસ પત્ર લઈને કૂફા પહોંચ્યા, પરંતુ કૂફા શહેરની બહાર જ તેમની ધરપકડ કરી લેવામાં આવી અને તેમને ગવર્નર, ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદની પાસે લઈ જવામાં આવ્યા.

જેવા કૈસને ગવર્નરની પાસે લઈ જઈ રહ્યા હતા, ત્યારે ઈમામ હુસૈન (અ.) અત્યારે કઈ જગ્યાએ છે તે બાબત અમુક લોકોને કહેવામાં કૈસ સફળ થઈ ગયા અને આ સમાચાર ગુપ્ત રીતે કૂફાના વફાદાર લોકોમાં ફેલાઈ ગયા. તેમનામાંથી ઘણા લોકો કરબલામાં ઈમામ હુસૈન (અ.) સુધી પહોંચવામાં સફળ થઈ ગયા.

ગવર્નરે કૈસને કહ્યું કે તમારી પાસે પોતાની જાતને બચાવી લેવા માટે એક માત્ર આશા એ છે કે તમે મિમ્બર પર ચઢી જાઓ અને જાહેરમાં ઈમામ હુસૈન (અ.) વિષે બૂરું બોલો. કૈસે લોકોને સંબોધીને સૌ પ્રથમ અલ્લાહની હમ્દ કરી અને ત્યાર પછી કહ્યું,

“અય લોકો! અત્યારે હાલ જીવતા લોકોમાં ઈમામ હુસૈન (અ.) બહેતરીન છે. તેઓ રસૂલલ્લાહ (સ.)નાં બેટી ફાતેમા (અ.)ના બેટા છે. તેમણે મને મોકલ્યો છે. તમારે બધાએ જાગૃત થવું જોઈએ અને તેમની મદદ કરવી જોઈએ.”

ત્યાર પછી તેમણે ઉબૈદુલ્લાહ અને તેના બાપ ઉપર લાનત કરી અને ઈમામ અલી (અ.)ની પ્રશંસા કરી. આ સમય દરમિયાન ગવર્નરે બધું સાંભળી લીધું હતું. તેણે કૈસને ઊંચા છત ઉપરથી નીચે ફેંકવાનો હુકમ કર્યો.

કૈસ આવા પ્રાણઘાતક વ્યવહારથી બચી શકયા નહીં અને શહીદ થઈ ગયા. તેમની લાશ, જ્યાં તેઓ નીચે પડ્યા હતા, ત્યાં જ પડી રહી.

એ સમય દરમિયાન ઈમામ હુસૈન (અ.) એ કૂફા તરફ પોતાની મુસાફરી ચાલુ રાખી હતી એટલે સુધી કે આપ (અ.) એક એવા સ્થળે પહોંચ્યા કે જેને ઝુનુદ કહેવાતું હતું. ત્યાં આપને મુસ્લિમ ઈબ્ને અકીલ અને હાની ઈબ્ને ઉર્વાની શહાદતના સમાચાર જાણવા મળ્યા અને ફરમાવ્યું, "આપણે અલ્લાહ તરફથી આવ્યા છીએ, અને તેની તરફ આપણે બધા જઈશું." આપ (અ.)એ તેમના હકમાં અલ્લાહ આગળ દુઆ માગી.

ઉઝૈબુલ હજનાત નામની મંઝિલે ઈમામ હુસૈન (અ.)ને કૈસ વિષેના સમાચાર મળ્યા. જ્યારે કાફલો ઝબાલા નામના સ્થળે રોકાયો, તો આપ (અ.)એ પોતાના સાથીઓને મુસ્લિમ, હાની અને કૈસની શહાદત અને કૂફાની બાબતોથી માહિતગાર કર્યા. ત્યાર પછી આપ (અ.)એ ફરમાવ્યું,

"આપણા ટેકેદારોએ આપણા તરફનો પોતાનો ટેકો પાછો ખેંચી લીધો છે. જે કોઈ અમને છોડીને જવા ઈચ્છતો હોય, તે પોતાને જ્યાં જવું હોય ત્યાં જઈ શકે છે."

આ વખતે મોટા ભાગના આપના સાથીદારો જતા રહ્યા અને માત્ર ખૂબ થોડાક જ બાકી રહ્યા. આ જે થોડા બાકી રહ્યા તે જ આપના વફાદાર અનુયાયીઓ હતા અને તેઓ ભૌતિક લાભ મેળવવા માટે આપની સાથે આવ્યા ન હતા.

ઈમામ હુસૈન (અ.)ના આગમનના સમાચારના જવાબમાં ઘણીબધી લશ્કરી ટુકડીઓ ને આપને શોધવા માટે અને આપને રોકવા માટે રણપ્રદેશમાં મોકલવામાં આવી. આવી એક ટુકડીની આગેવાની એક પ્રખ્યાત સરસેનાપતિ હુર ઈબ્ને યઝીદ રિયાહીની હતી.

હુર ઈબ્ને યઝીદ રિયાહી પહેલી મોહર્રમ હિ.સ.૬૧ના દિવસે ઈમામ હુસૈન (અ.)ના કાફલાને મળ્યા.

જ્યારે તેઓ મળ્યા, ત્યારે હુરનું લશ્કર થાકી ગયેલું અને ખૂબ તરસ્યું થયેલું હતું. ઈમામ હુસૈન (અ.)એ હુકમ કર્યો કે તેમની પોતાની પાસે જે પાણીનો પુરવઠો હતો, તેમાંથી હુરના લશ્કરને અને ઘોડાઓને પાણી પિવડાવવામાં આવે.

ઝોહરની નમાઝનો વખત થયો હતો. ઈમામ હુસૈન (અ.)એ નમાઝ પઢાવી અને હુરના લશ્કરે પણ આપની પાછળ નમાઝ અદા કરી. જ્યારે નમાઝ પૂરી થઈ ગઈ, ત્યાર પછી ઈમામ હુસૈન (અ.)એ હુર અને તેના સાથીઓને સંબોધન કર્યું.

આપ (અ.)એ તેમને યાદ અપાવ્યું કે તેમણે

લખેલા આમંત્રણ આપતા પત્રોના જવાબમાં જ તેઓ ત્યાં આવ્યા છે. આપ (અ.)એ એ પણ ચોખવટ કરી કે તેઓ કાયદેસરના ઈમામ છે અને કુરઆને પાકની મુબાહલાની (૩:૬૧) અને પાકીઝગીની (૩૩:૩૩) આયતોમાં ઉલ્લેખ થયેલા લોકોમાંથી એક વ્યકિત છે. આપ (અ.)એ તેમને યઝીદ જેવા માણસની ફરમાબરદારી કરવાનાં પરિણામોથી પણ ચેતવ્યા અને નબીએ પાક (સ.)ની બેગુનાહ અહલેબૈત (અ.)ના ખૂનથી પોતાના હાથ રંગવાથી દૂર રહેવાની પણ સલાહ આપી.

હુરે આ શબ્દોની સલાહનો સ્વીકાર ન કર્યો અને એવું વિચાર્યું કે લડાઈ થવાની જ નથી. તેમણે કૂફા તરફ જતા ઈમામ હુસૈન (અ.)ના માર્ગને કૂફાથી બીજી તરફ વાળી દીધો અને તે માર્ગ એક રણપ્રદેશ તરફ દોરી ગયો.

ગુરુવાર, બીજી મોહર્રમ હિ.સ.૬૧ના દિવસે આપ (અ.) એક એવા સ્થળે પહોંચ્યા કે જ્યાં ઈમામ હુસૈન (અ.)નો ઘોડો રોકાઈ ગયો. જો કે આપ (અ.) એ ઘણી વખત ઘોડા બદલ્યા, પરંતુ ઘોડા આગળ વધ્યા નહીં.

ઈમામ હુસૈન (અ.)એ ત્યાં રહેતા લોકોને ભેગા કરીને તે જગ્યાનું નામ પૂછ્યું. કેટલાક લોકોએ કહ્યું કે તેને નયનવા કહે છે. બીજાઓએ કહ્યું કે તેને મારિયા કહે છે. ઈમામ હુસૈન (અ.)એ પૂછ્યું કે શું કોઈ બીજું નામ છે ખરું? તો કેટલાકે કહ્યું કે આ જગ્યા શત્તુલ ફુરાત તરીકે પણ જાણીતી છે. પછી એક ઘરડો માણસ આગળ વધ્યો અને કહ્યું કે મેં અમારા બાપદાદાઓને એવું કહેતા સાંભળ્યા છે કે આ વિસ્તારનું એક નામ કરબલા પણ છે.

જ્યારે ઈમામ હુસૈન (અ.)એ આ નામ સાંભળ્યું, તો મુસ્કુરાયા અને અલ્લાહનો શુક્ર અદા કર્યો અને પછી કહ્યું, "બેશક, આ એ જ સપાટ પ્રદેશ છે કે જેના વિષે મારા નાના રસૂલલ્લાહ (સ.) એ ભવિષ્યવાણી કરી હતી કે મને, મારા વફાદાર સાથીઓ સાથે ત્રણ દિવસના ભૂખ્યા અને તરસ્યા રાખ્યા પછી કતલ કરવામાં આવશે. હવે આપણે અહીંથી હટીશું નહીં – આપણે આપણી મંઝિલે પહોંચી ગયા છીએ."

ત્યાર પછી ઈમામ હુસૈન (અ.)એ પોતાના કાફલાને રોકાઈ જવાનો હુકમ કર્યો અને ફુરાત નદીના કિનારાની બાજુમાં તંબુઓ ઊભા કરવામાં આવ્યા.


જાફરી આવાઝ (માસિક)માં લવાજમ, જાહેરાત, ડોનેશન, અવસાન નોંધ કે કોઈ સારા સમાચાર, વગેરે મોકલવા માટે સંપર્ક કરો:

**મોમિન રઝાઅલી ખણુશીયા**

જાફરી આવાઝ (માસિક) ઑફિસ

મેહેર લાઈબ્રેરી એન્ડ જાફરી સેમિનરી,

મકતબા જાફરીયા, સેદ્રાણા સ્કવેર, સેદ્રાણા.

મોબાઈલ: **84604 92429**


SOLWAVE™
ENGINEERING & TRADING
સોલવેવ સોલાર અપનાવો,
આવતીકાલની બચત આજથી કરો!
પહેલાં
₹3000
પછી
₹0
₹78,000/- સબસિડી
ઑફર 31-03-2027 સુધી માન્ય
ફક્ત ₹૧૫૯૯/- ના હપ્તાથી શરૂ
વીજળીનું બિલ લગભગ શૂન્ય
૨૫ વર્ષની પેનલ વૉરંટી
લોન સુવિધા ઉપલબ્ધ (બેંકની મંજૂરી અને લાગુ શરતોને આધીન.)
+91 90542 20440
GF - ૬૪/૬૫, અલ ગદીર ધ બિઝનેસ હબ, હોટેલ વે વેઈટ ચોકડી, રસુલપુર, ખેરાલુ, મહેસાણા, ગુજરાત - ૩૮૪૩૨૫



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## સ્ત્રીઓના હક્કો માટે કુરઆનનું વર્ણન

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يٰۤاَيُّهَا النَّبِىُّ قُلْ لِّاَزْوَاجِكَ اِنْ كُنْـتُنَّ
تُرِدْنَ الْحَيٰوةَ الدُّنْيَا وَزِيْنَتَهَا فَتَعَالَيْنَ
اُمَتِّعْكُنَّ وَاُسَرِّحْكُنَّ سَرَاحًا جَمِيْلًا ﴿۲۸﴾

❁ અય નબી! તું તારી પત્નીઓને કહી દે કે કે જો તમે સંસારી જીવન તથા તેના ચાહનાર છો તો આવો હું તમને લાભ પહોંચાડી દઉં[1] અને પછી તમને અત્યંત ખૂબી સાથે રવાના કરી દઉં.

**(સૂરા અહ્ઝાબ, આયત–૨૮)**

---

يٰنِسَآءَ النَّبِىِّ مَنْ يَّاْتِ مِنْـكُنَّ بِفَاحِشَةٍ
مُّبَيِّنَةٍ يُّضٰعَفْ لَهَا الْعَذَابُ ضِعْفَيْنِ ؕ
وَكَانَ ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرًا ﴿۳۰﴾

❁ અય નબીની પત્નીઓ! તમારામાંથી જે કોઈ ખુલ્લી રીતે નિર્લજ્જપણે વર્તશે તો તેને અઝાબ બમણો આપવામાં આવશે અને અલ્લાહ માટે આ વાત સહેલી છે.

**(સૂરા અહ્ઝાબ, આયત–૩૦)**

---

يٰنِسَآءَ النَّبِىِّ لَسْتُنَّ كَاَحَدٍ مِّنَ النِّسَآءِ
اِنِ اتَّقَيْتُنَّ فَلَا تَخْضَعْنَ بِالْقَوْلِ فَيَطْمَعَ
الَّذِىْ فِىْ قَلْبِهٖ مَرَضٌ وَّقُلْنَ قَوْلًا
مَّعْرُوْفًا ﴿۳۲﴾

❁ અય નબીની પત્નીઓ! તમે બીજી (સામાન્ય) સ્ત્રીઓ જેવી નથી; અગર તમે અલ્લાહનો ભય રાખતી હો તો (કોઈ પરપુરુષ સાથે) કોમલ સ્વરે વાત ન કરો કે જેથી તે શખ્સ કે જેના મનમાં (અનીતિનો) રોગ હોય, કોઈ પ્રકારની

1 એક પછી એક લડાઈમાં મુસલમાનોનો વિજય થતો ગયો, તેમ તેમ તેમના સાધનો અને દોલત વધતી ગઈ. આથી પયગમ્બર સાહેબની પત્નીઓએ પણ સાંસારિક શણગારની માગણી કરી; આથી અલ્લાહે મજકૂર આયત ઊતારી અને હુક્મ કર્યો કે નબીની પત્નીઓએ દુન્યવી શણગારનો મોહ ન રાખવો જોઈએ.

લાલચ કરે, અને (કોઈને શંકાનું કારણ મળે તેવી) વાજબી રીતે બોલો. **(સૂરા અહ્ઝાબ, આયત–૩૨)**

---

وَقَرْنَ فِیْ بُیُوْتِكُنَّ وَلَا تَبَرَّجْنَ تَبَرُّجَ الْجَاهِلِیَّةِ الْاُوْلٰی وَاَقِمْنَ الصَّلٰوةَ وَاٰتِیْنَ الزَّكٰوةَ وَاَطِعْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ ؕ ... ﴿٣٣﴾

❁ અને તમારા ઘરોમાં (સ્વમાન સાથે) બેસી રહો અને પ્રાચીન અજ્ઞાનતાના સમય જેવો શણગાર કરી બહાર નીકળો નહીં, અને નિયમિત નમાઝ પઢો તથા ઝકાત આપો, અને અલ્લાહ તથા તેના રસૂલની ફરમાબરદારી કરતા રહો.

**(સૂરા અહ્ઝાબ, આયત–૩૩)**

---

وَاذْكُرْنَ مَا یُتْلٰی فِیْ بُیُوْتِكُنَّ مِنْ اٰیٰتِ اللّٰهِ وَالْحِكْمَةِ ؕ اِنَّ اللّٰهَ كَانَ لَطِیْفًا خَبِیْرًا ﴿٣٤﴾

❁ અને તમારા ઘરોમાં અલ્લાહની આયતો અને હિકમતની જે વાતો પઢવામાં આવે તે ધ્યાનમાં રાખો; બેશક અલ્લાહ અત્યંત સૂક્ષ્મદર્શી અને ખબરદાર છે. **(સૂરા અહ્ઝાબ, આયત–૩૪)**

---

یٰۤاَیُّهَا النَّبِیُّ قُلْ لِّاَزْوَاجِكَ وَبَنٰتِكَ وَنِسَآءِ الْمُؤْمِنِیْنَ یُدْنِیْنَ عَلَیْهِنَّ مِنْ جَلَابِیْبِهِنَّ ؕ ذٰلِكَ اَدْنٰۤی اَنْ یُّعْرَفْنَ فَلَا یُؤْذَیْنَ ؕ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِیْمًا ﴿٥٩﴾

❁ અય નબી! તું તારી પત્નીઓ તથા તારી પુત્રીઓ, અને ઈમાનદારોની સ્ત્રીઓને કહી દે કે તેઓ પોતાની ચાદરોનો થોડો ભાગ (બહાર નીકળતી વખતે) પોતાના (ચહેરા) પર નાખી રાખે; આમ કરવાથી (આ વાત) વધુ સંભવિત છે કે તેણીઓ ઓળખાઈ આવે અને સતામણીમાંથી બચી જાય: અને અલ્લાહ મોટો માફ કરનાર (અને) રહમ કરનારો છે. **(સૂરા અહ્ઝાબ, આયત–૫૯)**

---

وَالَّذِیْنَ یُظٰهِرُوْنَ مِنْ نِّسَآئِهِمْ ثُمَّ یَعُوْدُوْنَ لِمَا قَالُوْا فَتَحْرِیْرُ رَقَبَةٍ مِّنْ قَبْلِ اَنْ یَّتَمَآسَّا ؕ ذٰلِكُمْ تُوْعَظُوْنَ بِهٖ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِیْرٌ ﴿٣﴾

❁ અને તમારામાંથી જે લોકો સ્વપત્નીઓને મા કહી કાઢી મૂકે, પછી તેઓ જે કાંઈ કહી ચૂકયા છે તે પાછું ખેંચી લેવા માગે,તો તેમને એ પહેલાં કે તેઓ સંભોગ કરે એક ગુલામ આઝાદ કરવો અનિવાર્ય છે; આ ઉપદેશ તમને (એ માટે) કરવામાં આવે છે કે (તમે તે પ્રમાણે ચાલો); અને જે કાંઈ પણ તમે કરો છો તેનાથી અલ્લાહ માહિતગાર છે.

**(સૂરા મુજાદલા, આયત–૩)**



# ગુરરૂલ હિકમ

# غُرَرُ الحِکَم

(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)

(ઈમામ અલી (અ.)નાં બોધવચનો)

ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ ઓવેસઅેહમદ એડ. જાફરી

## મોહંમદ (સ.) અને આપ (સ.)ની અહલેબૈત (અ.)

۱۷۔ اَهْلُ الذِّكْرِ (الْقُرْاٰنِ)، اَهْلُ اللّٰهِ، وَخَآصَّتُهٗ (حَآمَّتُهٗ)

૧૭. અહલેઝિક્ર (અહલેકુરઆન) જ અલ્લાહવાળા અને તેના ખાસ છે.

۱۸۔ اَنَا قَسِيْمُ النَّارِ، وَخَازِنُ الْجِنَانِ، وَصَاحِبُ الْحَوْضِ، وَصَاحِبُ الْاَعْرَافِ، وَلَيْسَ مِنَّآ اَهْلَ الْبَيْتِ اِمَامٌ اِلَّا وَهُوَ عَارِفٌ (عَالِمٌ) بِاَهْلِ وِلَايَتِهٖ، وَذٰلِكَ لِقَوْلِ اللّٰهِ تَعَالٰى: اِنَّمَآ اَنْتَ مُنْذِرٌ وَّلِكُلِّ قَوْمٍ هَادٍ

૧૮. હું જહન્નમનો વહેંચનાર, જન્નતના બગીચાઓનો ખજાનચી, હૌઝે કૌસરનો અને એઅરાફનો માલિક છું, અને અમ અહલેબૈતમાંથી એવો કોઈ ઈમામ નથી કે જે પોતાના નિખાલસ અનુયાયીઓને ન જાણતો હોય. અને અલ્લાહના શબ્દો, 'તમે તો ફક્ત ચેતવનારા છો અને દરેક કોમ માટે એક હિદાયત કરનાર છે'નો આ જ અર્થ છે.

۱۹۔ اَنَا صِنْوُ رَسُوْلِ اللّٰهِ، وَالسَّابِقُ اِلَى الْاِسْلَامِ، وَكَاسِرُ الْاَصْنَامِ، وَمُجَاهِدُ الْكُفَّارِ، وَقَامِعُ الْاَضْدَادِ

૧૯. હું અલ્લાહના રસૂલ (સ.)નો ભાઈ છું અને સૌપ્રથમ ઈસ્લામ સ્વીકારનાર છું, બુતોને તોડનાર, અને કાફિરો સામે જિહાદ કરનાર અને દુશ્મનોને મહાત કરનાર છું.

۲۰۔ اَنَا كَآبُّ الدُّنْيَا لِوَجْهِهَا، وَقَادِرُهَا بِقَدْرِهَا، وَرَآدُّهَا عَلٰى عَقِبِهَا

૨૦. હું તે છું કે જે દુનિયાને ઊંધે મોઢે પાડનાર છે, અને તેની સાચી કિંમત પારખનાર છે અને તેને પાછલા પગે હાંકી દેનાર છે.

۲۱۔ اَنَا يَعْسُوْبُ الْمُؤْمِنِيْنَ، وَالْمَالُ يَعْسُوْبُ

૨૧. હું મોમિનોનો અમીર (યાઅસૂબ) છું,

الْفُجَّارِ

અને દુનિયાની દોલત દુષ્ટ લોકોની અમીર (યાઅસૂબ) છે.

۲۲۔ اَنَا مَعَ رَسُوْلِ اللّٰهِ صَلَوَاتُ اللّٰهِ عَلَيْهِ وَمَعِيْ عِتْرَتِيْ عَلَى الْحَوْضِ (فَلْيَاْخُذْ اٰخِذُكُمْ بِقَوْلِنَا، وَلْيَعْمَلْ بِعَمَلِنَا)، اِنَّا لَنُنَافِسُ عَلَى الْحَوْضِ) وَاِنَّا لَنَذُوْدُ عَنْهُ اَعْدَآئَنَا، وَنَسْقِيْ مِنْهُ اَوْلِيَآءَنَا، فَمَنْ شَرِبَ مِنْهُ شَرْبَةً، لَّمْ يَظْمَاْ بَعْدَهَا اَبَدًا

૨૨. હું હૌઝે કૌસર પર રસૂલલ્લાહ (સ.)ની સાથે હોઈશ અને મારી ઓલાદ પણ મારી સાથે હશે, (તેથી અમારી હદીસ અને સુન્નત પર અમલ કરો, કારણ કે) અમે હૌઝે કૌસર પરથી દુશ્મનોને હાંકી કાઢીશું અને અમારા દોસ્તોને તેનાથી સંતૃપ્ત કરીશું. જે પણ તેમાંથી એક ઘૂંટ પી લેશે, તેને કદી તરસ લાગશે નહીં.

۲۳۔ اَنَا وَضَعْتُ بِكَلْكَلِ (بِكَلَاكِلِ) الْعَرَبِ، وَكَسَرْتُ نَوَاجِمَ (قُرُوْنَ) رَبِيْعَةَ وَمُضَرَ

૨૩. મેં આરબ સૈનિકોની છાતીઓને ધૂળમાં મેળવી દીધી, અને તેમને બેઆબરૂ કર્યા અને રબીઆ અને મુઝર કબીલાઓનું અભિમાન તોડ્યું.

۲۴۔ اَنَا شَاهِدٌ لَّكُمْ، وَحَجِيْجٌ يَّوْمَ الْقِيَامَةِ عَلَيْكُمْ

૨૪. હું કયામતના દિવસે તમારી ગવાહી આપનાર છું (જો તમે મારી ઈતાઅત કરશો તો) અને તમારા વિરુદ્ધ ફરિયાદી છું (જો તમે મારી અવજ્ઞા કરશો તો).

۲۵۔ اَنَا دَاعِيْكُمْ اِلٰى طَاعَةِ رَبِّكُمْ، وَمُرْشِدُكُمْ اِلٰى فَرَآئِضِ دِيْنِكُمْ، وَدَلِيْلُكُمْ اِلٰى مَا يُنْجِيْكُمْ

૨૫. હું તમને અલ્લાહની ઈતાઅત તરફ બોલાવનાર છું, તમારા દીનની ફરજો બાબતે તમારી હિદાયત કરનાર છું અને નજાતની રાહ બતાવનાર છું.

۲۶۔ اَنَا وَاَهْلُ بَيْتِيْ اَمَانٌ لِّاَهْلِ الْاَرْضِ كَمَا اَنَّ النُّجُوْمَ اَمَانٌ لِّاَهْلِ السَّمَآءِ


૨૬. હું અને મારી અહલેબૈત (અ.) જમીનવાળાઓ માટે એવી જ સલામતી છીએ કે જેવી આસમાનવાળાઓ માટે તારાઓ છે.

۲۷۔ اَنَا خَلِيْفَةُ رَسُوْلِ اللّٰهِ فِيْكُمْ وَمُقِيْمُكُمْ عَلٰى حُدُوْدِ دِيْنِكُمْ، وَدَاعِيْكُمْ اِلٰى جَنَّةِ الْمَاْوٰى

૨૭. હું તમારા દરમિયાન રસૂલલ્લાહ (સ.) નો જાનશીન છું અને તમને તમારા દીનની મર્યાદામાં રાખનાર છું, અને તમને જન્નતુલ માવા તરફ બોલાવનાર છું.

# ગડમથલ

**૪૦૦** **સંપાદન:** જાફરી આવાઝ (કાર્યાલય)




## આડી ચાવીઓ

(૧) મુક્તિ, છુટકારો, બચાવ, સફાઈ (૪)
(૪) ગળ્યું પાણી (લીંબુ કે અન્ય રસ સહિતનું) (૪)
(૭) ખુદા, જગતનો પાલનહાર, રોજી આપનાર (૨)
(૮) હોઠ, ઓષ્ઠ, નદીનો કિનારો (૨)
(૯) ચકાસણી, સાર, જોર, શક્તિ, હિંમત (૨)
(૧૧) પુષ્કળ, વિપુલ પ્રમાણમાં (૪)
(૧૩) મીઠું, લવણ, ક્ષાર (૩)
(૧૫) શાહીનો ખડિયો, શાહી રાખવાનું પાત્ર (૩)
(૧૭) પ્રહાર, ફટકો, ઝાટકો (૨)
(૧૮) દાળ અને રોટલી (૫)
(૨૦) અવાજ, ધ્વનિ, આકાશવાણી (૨)
(૨૩) વરરાજા, દુલ્હો (૨)
(૨૪) નાડી, ધમની, પાંદડાના રેસા (૨)
(૨૬) શ્વાસ, શ્વાસ લેવાનો એક રોગ (૨)
(૨૭) ઔષધ, ઓસડ, મેડિસિન, ઈલાજ (૨)
(૩૦) પત્ર, કાગળ, લીટી, રેખા (૨)
(૩૨) દયા, કરુણા, કૃપા (૪)
(૩૫) ત્યારે, તે સમયે (૨)
(૩૬) પોકાર, હાક, ધાક, ધમકી (૪)
(૩૮) ગોર, કબ્ર, શબને દાટવાનું સ્થળ (૩)
(૪૦) વેચાણનામું, ઘરના વેચાણનો દસ્તાવેજ (૩)
(૪૧) એકની સંખ્યા પછી તે આવે (૨)

## ઊભી ચાવીઓ


(૧) મુક્તિ, છુટકારો, બચાવ, સફાઈ (૪)
(૪) ગળ્યું પાણી (લીંબુ કે અન્ય રસ સહિતનું) (૪)
(૭) ખુદા, જગતનો પાલનહાર, રોજી આપનાર (૨)
(૮) હોઠ, ઓષ્ઠ, નદીનો કિનારો (૨)
(૯) ચકાસણી, સાર, જોર, શક્તિ, હિંમત (૨)
(૧૧) પુષ્કળ, વિપુલ પ્રમાણમાં (૪)
(૧૩) મીઠું, લવણ, ક્ષાર (૩)
(૧૫) શાહીનો ખડિયો, શાહી રાખવાનું પાત્ર (૩)
(૧૭) પ્રહાર, ફટકો, ઝાટકો (૨)
(૧૮) દાળ અને રોટલી (૫)
(૨૦) અવાજ, ધ્વનિ, આકાશવાણી (૨)
(૨૩) વરરાજા, દુલ્હો (૨)
(૨૪) નાડી, ધમની, પાંદડાના રેસા (૨)
(૨૬) શ્વાસ, શ્વાસ લેવાનો એક રોગ (૨)
(૨૭) ઔષધ, ઓસડ, મેડિસિન, ઈલાજ (૨)
(૩૦) પત્ર, કાગળ, લીટી, રેખા (૨)
(૩૨) દયા, કરુણા, કૃપા (૪)
(૩૫) ત્યારે, તે સમયે (૨)
(૩૬) પોકાર, હાક, ધાક, ધમકી (૪)
(૩૮) ગોર, કબ્ર, શબને દાટવાનું સ્થળ (૩)
(૪૦) વેચાણનામું, ઘરના વેચાણનો દસ્તાવેજ (૩)
(૪૧) એકની સંખ્યા પછી તે આવે (૨)

# શુદ્ધ જડીબુટ્ટી, શુદ્ધ ઉર્જા, શુદ્ધ તમે.

pure fusion™




**Cholest Support**

- LDL (ખરાબ કોલેસ્ટરોલ) ઘટાડે છે
- HDL (સારું કોલેસ્ટરોલ) વધારવામાં મદદરૂપ
- હૃદયને સ્વસ્થ રાખવામાં સહાયક
- બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખે છે

**Multi-Vitamin**

- શરીરમાં તમામ વિટામિન્સની અછત પૂરી કરે છે
- વાળ અને ત્વચા સંબંધિત સમસ્યાઓમાં મદદરૂપ
- હૃદય સંબંધિત તકલીફોમાં સહાયક
- શરીરના કોષોને નુકસાનથી બચાવે છે

**Calcium + Vitamin D3**

- સાંધાના દુખાવામાં રાહત આપે છે
- હાથ અને પગના દુખાવામાં મદદરૂપ
- પેશીઓની નબળાઈ ઘટાડે છે
- હાડકાં અને દાંતને મજબૂત બનાવે છે

**Iron**

- શરીરમાં આયર્નની અછત પૂરી કરે છે
- નબળાઈ અને થાક ઘટાડે છે
- આંખોમાં પીળાશની સમસ્યામાં મદદરૂપ
- ભૂખમાં વધારો કરે છે

**Joint Support**

- સાંધા વાળવામાં થતી તકલીફમાં રાહત આપે છે
- સાંધામાં થતી લાલાશ ઘટાડે છે
- સાંધાની સોજામાં મદદરૂપ
- ચાલવા અને ઊભા થવામાં સહેલાઈ આપે છે

**Diabetes Care**

- બ્લડ શુગરનું સ્તર નિયંત્રણમાં રાખે છે
- શરીરની નબળાઈ ઘટાડે છે
- અતિભૂખ અને તરસમાં નિયંત્રણ રાખે છે
- ઘા ધીમા ભરાવાની સમસ્યામાં મદદરૂપ

**Vitamin B12**

- શરીરની નબળાઈ ઘટાડે છે
- યાદશક્તિ અને એકાગ્રતા સુધારે છે
- રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે
- પાચનતંત્રને સ્વસ્થ રાખે છે
- હૃદયને સ્વસ્થ રાખવામાં સહાયક
- વાળ અને ત્વચા સંબંધિત સમસ્યાઓમાં મદદરૂપ

દરેક પ્રોડક્ટ્સ
**તઅજ્જુક સ્ટોર**
છાપી અને સિદ્ધપુર
પર ઉપલબ્ધ છે.

**ZAFIYA INTERNATIONAL TRADE LINKS**

+91 9326934440 | www.thepurefusion.com | care@purefusion.in | / purefusion



હઝરત અલી (અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

# نہج الاسرار
# નહ્‌જુલ અસરાર

સંપાદક : મોલવી સૈયદ ગુલામહુસૈન રઝા
અનુવાદક : મો.કાસિમભાઈ વિજાપુરા

### પાકીઝા કસબ (ધંધો/વ્યવસાય)

કશ્ફુલ મહ્‌જૂબમાં લખેલું છે કે એક દિવસ એક વ્યક્તિએ અમીરુલ મોમિનીન (અ.)ને સવાલ કર્યો કે, "સૌથી વધારે પાકીઝા વ્યવસાય કયો છે?" આપ (અ.)એ ફરમાવ્યું, "જે દિલ અલ્લાહ અઝ્ઝ વ જલ્લનું થઈ જાય. દુનિયા અને તેમાં રહેલી વસ્તુઓનું ન હોવું તેને લાચાર કે દરિદ્ર નથી કરતું, અને તે અલ્લાહ સિવાય અન્ય કોઈ વસ્તુના હોવાથી ક્યારેય પ્રસન્ન નથી થતો." (કૌકબે દુર્રી)

### હઝરત ઈમામ અલી (અ.)નું એક મડદાને સજીવન કરવું અને તેનું પોતાના પ્રસંગને બયાન કરવું

'ઝહરતુર્રિયાઝ'માં અને 'અહસનુલ કિબાર'માં મીસમે તમ્મારથી રિવાયત થઈ છે કે, એક દિવસે કૂફામાં એક માણસ રેશમી કબા પહેરીને, માથા પર પીળો અમામો બાંધીને અને કમર પર તલવાર લટકાવીને મસ્જિદમાં હઝરત અમીરુલ મોમિનીન (અ.)ની ખિદમતમાં હાજર થયો, અને પૂછવા લાગ્યો કે, "તમારામાં એવો કયો માણસ છે કે જેણે પોતાની ઉંમરમાં ક્યારેય જંગના મેદાનથી પીછેહઠ ન કરી હોય, જેની વિલાદત બૈતુલ્લાહમાં થઈ હોય, અખ્લાકે હમીદા અને ગુણોમાં બેનમૂન હોય, જે તમામ જંગોમાં મોહંમદ (સ.)નો મદદગાર રહ્યો હોય, જેણે અમ્ર અને અંતરને કતલ કર્યા હોય, ખૈબરના દરવાજાને એક જ હુમલામાં ઉખાડી ફેંક્યો હોય?"

આપ (અ.)એ જવાબ આપ્યો કે, "અય સઈદ ઈબ્ને ફઝલ! તે વ્યક્તિ હું છું. પૂછી લે જે કંઈ પૂછવા ઈચ્છતો હોય તે. હું છું ગમઝદા અને યતીમોનો આશરો, તેમ જ કેદીઓ અને દુઃખી દિલોના ઝખ્મોનો મલમ. હું એ માણસ છું કે જેના પર મોટી મુસીબતો પણ આવે તો સબ્ર કરે છે, જેમ કે, અલ્લાહ તઆલા ફરમાવે છે કે, وَاللّٰهُ يُحِبُّ الصّٰبِرِيْنَ *(અલ્લાહ સબ્ર કરનારાઓને દોસ્ત રાખે છે).* હું એ વ્યક્તિ છું કે જેના ગુણો તૌરાત, ઈન્જીલ,

ઝબૂર અને કુરઆનમાં લખાયેલા છે. હું છું 'કાફ વલ–કુરઆનિલ મજીદ', હું છું સિરાતે મુસ્તકીમ."

અઅરાબીએ કહ્યું કે, "અમને એવું માલૂમ પડે છે કે તમે રસૂલલ્લાહ (સ.)ના વસી અને ઔલિયા અલ્લાહના પેશવા છો, અને રસૂલે મુર્સલીન (સ.) પછી જમીન અને આસમાનની હુકૂમત તમારા માટે છે. હું સાઠ હજાર માણસો તરફથી, જેમને 'અકીમા' કહે છે, એલચી બનીને આવ્યો છું, અને એક મડદાને લાવ્યો છું જેના કાતિલ વિષે મતભેદ છે. જો તમે તેને જીવતો કરી દો, તો અમને હકીકી રીતે ખાતરી થઈ જશે કે તમે જ રસૂલલ્લાહ (સ.)ના સાચા વસી છો."

મીસમનું બયાન છે કે, "આપ (અ.)એ ફરમાવ્યું કે, "એક ઊંટ પર સવાર થઈને કૂફાની તમામ ગલીઓમાં એલાન કરી દો કે જે કોઈ અમીરુલ મોમિનીન (અ.)ના આ મોઅજિઝાને જોવા માગતું હોય તે કાલે નજફમાં હાજર રહે."

તે મુજબ મેં એલાન કરી દીધું, અને બીજા દિવસે નમાઝે ફજ્ર પછી બધા લોકો અને અમીરુલ મોમિનીન (અ.) નક્કી કરેલી જગ્યાએ પહોંચી ગયા, અને આપ (અ.)એ ફરમાવ્યું કે, "જનાઝાને સામે લાવો."

આપ (અ.)એ પૂછ્યું, "આને કતલ થયે કેટલા દિવસ થયા છે?"

અરજ કરી: એકતાલીસ દિવસો.

ફરમાવ્યું: આના ખૂનનો બદલો લેનાર કોણ છે?

અરજ કરી: કોમના પચાસ માણસો તેના ખૂનના તાલિબ છે.

આપ (અ.)એ ફરમાવ્યું: આને તેના કાકાએ કતલ કર્યો છે જેનું નામ હુરૈસ ઈબ્ને હિસાન છે. તેણે પોતાની દીકરીના નિકાહ આની સાથે કરાવ્યા હતા. આણે પોતાની પત્નીને છોડીને બીજી સ્ત્રી સાથે નિકાહ કરી લીધા હતા, તેથી આને કતલ કરવામાં આવ્યો છે.

અઅરાબીએ અરજ કરી: યા અમીરલ મોમિનીન! પ્રસંગ તો આવો જ છે. પણ હું ત્યાં સુધી રાજી નહીં થાઉં, જ્યાં સુધી આપ આને જીવતો ન કરો અને તે પોતે જ તેની પુષ્ટિ ન કરે.

આપ (અ.)એ કૂફાવાળાઓને સંબોધન કરીને ફરમાવ્યું: અય કૂફાવાળાઓ! બની ઈસરાઈલની ગાય અલ્લાહની નજીક ખાતમુલ અંબિયા (સ.)ના વસીથી વધીને મુકર્રમ અને મોઅઝ્ઝમ ન હતી. બની ઈસરાઈલે એ ગાયનું એક અંગ એ કતલ થયેલા પર લગાવ્યું કે જેને કતલ થયે એક અઠવાડિયું પસાર થઈ ચૂક્યું હતું, અને હક તઆલાએ તેને જીવતો કરી દીધો હતો. હું પણ મારું એક અંગ તેને લગાવું છું.

આટલું ફરમાવીને આપ (અ.)એ પોતાનો જમણો પગ મુબારક મૃતક પર લગાવીને ફરમાવ્યું: કુમ બિ-ઈઝનિલ્લાહ (અલ્લાહના હુકમથી ઊભો થા).

તેની સાથે જ તે જવાન જીવતો થઈને કહેવા લાગ્યો: લબ્બૈક, લબ્બૈક, યા હુજ્જતલ્લાહ ફિલ અય્યામ. વલ મન્સૂર બિલ ફઝલ ફિલ અનામ બઅદ રસૂલિલ્લાહ અલૈહિસ્સલામ. (હાજર છું,

હાજર છું, અય આ જમાનાના હુજ્જતે ખુદા તથા રસૂલલ્લાહ (સ.) પછી જમાનામાં અફઝલ અને આ'લા).

આપ (અ.)એ પૂછ્યું: તને કોણે કતલ કર્યો?

તેણે જવાબ આપ્યો: મારા કાકા હુરૈસ ઈબ્ને હિસાને.

ત્યાર બાદ આપ (અ.)એ અઅરાબીને ફરમાવ્યું: હવે તમે જાઓ અને પોતાના કબીલાને આ બનાવની જાણ કરો.

પરંતુ તેણે જવાબ આપ્યો: યા અમીરલ મોમિનીન! હવે હું આપનાં કદમોને છોડીને નહીં જાઉં.

તેથી તે ત્યાં રહી ગયો અને જંગે સિફ્ફીનમાં શહાદત પામ્યો." (કૌકબે દુર્રી)

## રિસાલત મઆબ (સ.)નું ઈલ્મ અને અમીરુલ મોમિનીન (અ.)નું ઈલ્મ

'બસાઈરુદ્દરજાત'માં લખેલું છે કે હઝરત ઈમામ અલી (અ.)ને રિસાલત મઆબ (સ.)ના ઈલ્મની બાબતમાં સવાલ કરવામાં આવ્યો, તો આપ (અ.)એ જવાબમાં ફરમાવ્યું કે, "નબી (સ.)નું ઈલ્મ બધા જ અંબિયાનું ઈલ્મ છે, અને એ કાર્યોનું કે જે વીતી ગયાં છે, અને જે કયામત સુધી થવાનાં છે તેનું ઈલ્મ આપ (સ.) પાસે હતું." પછી ફરમાવ્યું, "એ ઝાતની કસમ કે જેની કુદરતમાં મારો જીવ છે. હું તમામ અંબિયાનું ઈલ્મ જાણું છું, અને એ કે જે વીતી ચૂકયું છે, અને જે કયામત સુધી થવાનું છે."

(બહરુલ મઆરિફ, સફહા–૪૩૦)

## શામનો યહૂદી આલિમ

ઈમામ મૂસા કાઝિમ (અ.)થી મરવી છે કે, ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું છે કે, એક દિવસ, શામના યહૂદી આલિમોમાંથી એક આલિમ, જેમણે તૌરાત, ઈન્જીલ, ઝબૂર અને અન્ય આસમાની કિતાબોનો અભ્યાસ કર્યો હતો, અને તેઓ તેમાં રહેલી દલીલો અને પુરાવાઓથી વાકેફ હતા, તેઓ રસૂલલ્લાહ (સ.)ના સહાબીઓની મહેફિલમાં પહોંચ્યા, જ્યારે કે ત્યાં હઝરત અલી (અ.), ઈબ્ને અબ્બાસ, ઈબ્ને મસઊદ અને અબૂ મા'બદ અલ–જોહાની, વગેરે પણ હાજર હતા, અને કહેવા લાગ્યા:

**યહૂદી આલિમ:** અય ઉમ્મતે મોહંમદ! તમે તમામ અંબિયાઓના મરતબા અને રસૂલોની ફઝીલતો તમારા નબી સાથે જોડી દીધી છે. શું તમે આ સિલસિલામાં મારા સવાલોનો જવાબ આપવા તૈયાર છો? આ સવાલથી સઘળી મહેફિલ ખામોશ થઈ ગઈ, અને જવાબ આપી શકી નહીં.

**અમીરુલ મોમિનીન (અ.):** હા! એ વાતમાં કોઈ શક નથી કે અલ્લાહ તઆલાએ તમામ અંબિયાઓના મરતબા અને રસૂલોની તમામ ફઝીલતો મોહંમદ (સ.)ને અતા કરી છે, બલ્કે તેના કરતાં પણ અનેકગણું વધારે આપ (સ.)ને અતા કરવામાં આવ્યું છે.

**યહૂદી આલિમ:** શું તમે મારા સવાલોના

જવાબ આપવાવાળા છો?

**અમીરુલ મોમિનીન (અ.):** હા. આજે હું નબીએ કરીમ (સ.)ની કેટલીક એવી બેમિસાલ ફઝીલતોનો ઝિક્ર કરીશ, જેનાથી મોમિનોનાં દિલોને સુકૂન અને આંખોને ટાઢક મળશે, તેમ જ આપ (સ.)ની ફઝીલતમાં શંકા કરનારાઓની શંકાઓ દૂર થઈ જશે. જ્યારે પણ સરકારે દો–આલમ મોહંમદ (સ.) પોતાની કોઈ ફઝીલતનો ઝિક્ર કરતા, ત્યારે હંમેશાં ફરમાવતા કે, "આ અલ્લાહની અતા છે, હું તેના પર કોઈ ફખ્ર કરતો નથી." અને હું આપ (સ.) ના ફઝાઈલ એવી રીતે બયાન ફરમાવીશ કે જેથી બીજા અંબિયાના ફઝાઈલમાં ન તો ઘટાડો થાય કે ન તો તેમની બેઈજ્જતી થાય. હું આ ફક્ત અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાનો શુક્ર અદા કરવા માટે કરી રહ્યો છું, કારણ કે તેણે બીજા નબીઓની માફક આપ (સ.)ને પણ ઘણું અતા ફરમાવ્યું છે.

**યહૂદી આલિમ:** હું આપને સવાલ કરતો જાઉં છું, અને આપ જવાબ આપતા જાઓ.

**અમીરુલ મોમિનીન (અ.):** સારું, તમે તમારા સવાલો પૂછવાની શરૂઆત કરો.

**(૧) યહૂદી આલિમ:** હું શરૂઆત હઝરત આદમ (અ.)થી કરું છું. આદમ (અ.)ની આગળ અલ્લાહે ફરિશ્તાઓને સજ્દો કરાવ્યો હતો. શું મોહંમદ (સ.) ને પણ આવી કોઈ ફઝીલત અતા કરવામાં આવી છે ખરી?

**અમીરુલ મોમિનીન (અ.):** ચોક્કસ એવું થયું છે. જો કે, તમારે એ જાણવું જોઈએ કે અલ્લાહે ફરિશ્તાઓને આદમ (અ.) આગળ જે સજ્દો કરાવ્યો હતો તે આદમ (અ.)ની ઈતાઅત અને ઈબાદતનો ન હતો, પરંતુ તે તેમની શ્રેષ્ઠતાની કબૂલાત અને અલ્લાહ તરફથી તેમના પર એક રહમત હતી. જ્યારે કે, ખૈરુલ બશર મોહંમદ (સ.) ને જે કંઈ અતા થયું એ તો એના કરતાંય અફઝલ છે. એમાં શંકા નથી કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત જબરૂતમાં ફરિશ્તાઓની સાથે આપ (સ.) પર દુરૂદ મોકલે છે અને તેણે તમામ મોમિનીન માટે પણ દુરૂદ મોકલવાનું ફર્ઝ કર્યું છે. આ આદમ (અ.)ની ફઝીલત કરતાં ઘણી મોટી ફઝીલત છે.

**(૨) યહૂદી આલિમ:** શું અલ્લાહે આદમ (અ.) ની તર્કે ઊલાની તોબા કબૂલ નહોતી કરી?

**અમીરુલ મોમિનીન (અ.):** હા, એવું જ થયું છે, પરંતુ નબી મોહંમદ (સ.) માટે આ બાબતમાં જે કંઈ નાઝિલ થયું છે, તે એના કરતાંય વધીને છે કે આપ (સ.)એ કોઈ ગુનોહ ન આચરવા છતાંય અલ્લાહે ફરમાવ્યું:

لِّيَغْفِرَ لَكَ اللّٰهُ مَا تَقَدَّمَ مِنْ ذَنْۢبِكَ وَمَا تَأَخَّرَ

*(કે જેથી અલ્લાહ આપના ભૂતકાળના અને ભવિષ્યના ગુનાહ માફ કરી દે...)* [1]

બેશક મોહંમદ (સ.) પર કયામતના દિવસે ન તો કોઈ ગુનાહનો બોજ હશે, કે ન કોઈ બાબત વિષે તેમની પૂછપરછ કરવામાં આવશે. (ક્રમશઃ)

1 સૂરા ફત્હ, આયત–૨



હઝરત પીર મશાયખ (રહ.) કૃત...

# મશાયખવાણી

**મક્તૂલનામા**

**● સત ગોર પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૨૯૦**

**ભાષા - ફ્રદ**

**સુન સુન ભાઈ મરના હેં, દીનકે ભાઈ મરના હેં,**
**ઘોરમાં જાકર ધરના હેં, પુરસીશ તો વાં કરના હેં.**

*સાંભળ, અય ભાઈ! મરવાનું છે, અય દીનના ભાઈ! જરૂર મરવાનું જ છે, અને કબરમાં જઈને રહેવાનું છે, અને ત્યાં પૂછપરછ કરવામાં આવશે.*

**ઉસ સેતી તો ડરના હેં, ઘડી ઘડી પલ પલ મરના હેં,**
**તલ તલ બૂઝો મરના હેં, રબકે પાસ ચલના હેં.**

*એની (પૂછપરછના) કારણે તમારે ડરવાનું છે, અને વારેઘડીએ, ક્ષણે ક્ષણે મરવાનું છે. અને જાણી લો કે ઘડીકવારમાં મરી જવાનું છે, અને પરવરદિગારની પાસે ચાલ્યા જવાનું છે.*

**હિસાબ વાં ભી ભરના હેં, વે ડર મનમાં ધરના હેં,**
**મૂએ પેલા તો મરના હેં, તાજ દુનીકું કરના હેં.**

*હિસાબ ત્યાં પણ આપવાનો છે, તે બીક દિલમાં રાખવાની છે, અને મર્યા પહેલાં જ મરી જવાનું છે અને દુનિયાને છોડી દેવાની છે.*

**હો અનેરા ચલના હેં, દુનીયાં મનમાં ધરના હેં,**
**એસે એસે કરના હેં, સબ તન બૂઝો મરના હેં.**

*એક નવા જ અંદાજથી (આખેરત તરફ) જવાનું છે, તે દુનિયામાં રહીએ ત્યાં સુધી મનમાં રાખવાનું છે. આવાં આવાં કામો કરવાનાં છે, અને જાણી લો કે બધા જ લોકોને મોત આવવાનું છે.*

**બૂઝી ધૂતી દુનિયા હેં, નીત તલ તલ ફનીયા હેં,**
**અમર નાંહીં રેહના હેં, એ સહી મનમાં દેના હેં.**

*જાણી લેવું જોઈએ કે આ દુનિયા ઠગારી છે, અને હંમેશાં ક્ષણે ક્ષણે નાશ થવાનો છે, અને અહીં આપણે મર્યા વગર રહેવાનું નથી, આ સાચી વાતને મનમાં રાખવાની છે.*

**દીનકે ભાઈ મરના હેં, હિસાબ રબકો ભરના હેં,**
**એ ચંતા મનમાં દેના હેં, સુન સુન એસે બેના હેં.**

*અય દીનના ભાઈ! જરૂર તારે મરવાનું જ છે, અને પરવરદિગારને હિસાબ આપવાનો જ*

*છે, આવાં બયાનો સાંભળીને તે વિચારોને મનમાં રાખવાના છે.*

**બયાન નં.૨૯૧**

**સુનો ઈમામઝાદે કાસિમ, હુએ શહીદ રે બાજા,**
**અબૂ બકર રે આએ, એસા સુણા રે અવાજા.**

*સાંભળો કે જ્યારે ઈમામના બેટા, જનાબે કાસિમ (અ.) શહીદ થઈ ગયા, ત્યાર પછી અબૂ બક્ર સાહેબ આવ્યા, એવું સાંભળવામાં આવ્યું છે.*

**સો મુર્તઝા અલીકિ, બેંટે રે કહીએ,**
**વે ઓરમાઈ ભાઈ, શહઝાદેકે લહીએ.**

*અબૂ બક્ર સાહેબ કે જે મૌલા અલી મુર્તઝા (અ.)ના બેટા કહેવામાં આવે છે, અને તે ઈમામ હુસૈન (અ.)ના ઓરમાન ભાઈ છે.*

**કે ઈમામ હુસૈનકે, ભાઈ રે જાનો,**
**સો અબૂ બકર, નામ રે પિછાનો.**

*અને જાણી લો કે તે ઈમામ હુસૈન (અ.)ના ભાઈ છે, અને જેમનું નામ અબૂ બક્ર સાહેબ છે, તે ઓળખી લો.*

**અનું આવને આખા, ભાઈ સુનો રે મેરે,**
**કે મુજકું રજા, તમે દોને સવેરા.**

*તેમણે આવીને કહ્યું કે, અય મારા ભાઈ! તમે મારી વાત સાંભળો, અને મને રણમાં જવાની રજા આપો.*

**કે ખૂન જાકર ખાસેકા, મેં રણ માંહેં ચાહું,**
**મેં બેરકી હો રીત, જા જંગ રે કરાહું**

*હું ઈચ્છું છું કે રણમાં જઈને આપણા સગાઓના ખૂનનો બદલો લઉં, અને બદલો લેવાની રીતે એમની સામે જંગ કરું.*

**મેં ખાસું કાજ જીવકું, જા કરું રે નિસારા,**
**સો તમારે કદમ પર, મેં જીવ લે વારા.**

*હું આપણા સગાઓના કારણે રણમાં જઈને મારા જીવને ફિદા કરું, અને મેં મારો જીવ આપના કદમોમાં કુરબાન કર્યો છે.*

**તબ શહઝાદેને અનુંકું, રજા રે દિતી,**
**એ મેદાનમાં આએ, એસી બાત રે સુણિતી.**

*ત્યારે ઈમામ હુસૈન (અ.)એ અબૂ બક્ર સાહેબને રજા આપી, અને એવી વાત સાંભળવા મળે છે કે ઈમામની રજા લઈને તે રણમેદાનમાં આવ્યા.*

**આવ અનુંને કિયા, પૂરા જંગ રે સામાના,**
**આવ રોકીયા ધસ કર, રણ રે મેદાના.**

*તેમણે રણમાં આવીને જંગની પૂરેપૂરી તૈયારી કરી, અને એકાએક આવીને આખું રણમેદાન રોકી લીધું.*

**અનું ઉચકને ઘોડેકું, ફોજમાં ડલાયા,**
**પણ સામી તો અનુંકિ, કોઈ રે ના આયા.**

*તેમની સામે કોઈ (લડવા) ન આવ્યું, તો છેવટે તેમણે પોતાના ઘોડાને કૂદાવીને દુશ્મનોના લશ્કરમાં નાખ્યો.*

**અનું માર માર કહીયુંકું, લે ધૂલ ભેલી કિતે,**
**જ્યું ખેત માંહેં પાથરે, કિએ રે સુણિતે.**

*તેમણે ઘણા બધા દુશ્મનોને મારી નાખીને ધૂળ ભેગા કરી દીધા, જેવી રીતે ખેતરમાં (ફસલના)*

*પાથરા પાડવામાં આવે છે.*

**પણ મુબારિઝ અનુંસું, કોઈ હુવા રે નાંહાં,**
**એ સુન સુન મોમિનો, રાખો દિલકે માંહાં.**

*પણ તેમની સામે કોઈ લડવૈયો બનીને ન આવ્યો, આ સાંભળીને મોમિનો દિલમાં આટલું રાખો,*

**રેતૂહી**
**જે ચાવે સોહી કરે,**
**આપ સુરીજન હાર રે, આપ સુરીજન હાર;**
**નામ તો ઉસકા લિજીએ,**
**નત નત દિલકે પ્યાર રે, નત નત દિલકે પ્યાર.**

*આપણો સર્જનહાર જે ઇચ્છે છે તે કરે છે, આપણે હર હંમેશ દિલી મોહબ્બતથી તેના નામનો ઝિક્ર કરવો જોઈએ.*




## ગડમથલ નં.૪૦૦નો ઉકેલ

**આડી ચાવીઓ:** (૧) બરાઅત (૪) શરબત (૭) રબ (૮) લબ (૧૦) કસ (૧૧) મબલખ (૧૩) નમક (૧૫) દવાત (૧૭) વાર (૧૮) દાલચપાતી (૨૦) સદા (૨૩) બના (૨૪) નસ (૨૬) દમ (૨૭) દવા (૩૦) ખત (૩૨) રહમત (૩૫) તબ (૩૬) લલકાર (૩૮) કબર (૪૦) કબાલા (૪૧) બે **ઊભી ચાવીઓ:** (૧) બરબાદ (૨) રાબ (૩) તલબ (૪) શક (૫) રસન (૬) તલાક (૯) બલ (૧૦) મતલબ (૧૨) ખવાતીન (૧૪) મકસદ (૧૬) વાદા (૧૯) ચના (૨૧) દામનગીર (૨૨) માદરઝાદ (૨૫) સખત (૨૮) વાહ (૨૯) સે (૩૧) તબક (૩૩) મલક (૩૪) તલબા (૩૭) કાલા (૩૯) બકા



સાજેદાફાતેમા હાસમઅલી પલસાણીયા (રસૂલપુર મે.)
84.64%
Diploma in Clinical & Community Psychology



ઈર્ફાનાબાનું મહમૂદહુસૈન મોમિન (ગણેશપુરા)
491/720
NEET



મિદ્હતફાતેમા ઝાકિરહુસૈન શેલીયા (કાકોશી-મુંબઈ સેન્ટ્રલ)
8.25 CGPA
M.Sc (Home science) (Human development)


AUTO RELAX
RELAX YOUR CAR
(વાઘરોલ વાળા)
ઓટો રિલેક્ષ | રિલેક્ષ યોર કાર
દર રવિવારે રજા રહેશે.
ટાયર
બેટરી
નાઈટ્રોઝન હવા
કાર વોશિંગ
કાર જનરલ સર્વિસ
ઓઇલ
ટ્યુબલેસ ટાયર પંચર બનાવી આપવામાં આવશે.
તમારી મનપસંદ બ્રાંડના ટાયરના ભાવ
હવે આપ ઘરે બેઠા પણ મેળવી શકો છો.
ટાયરની સાઈઝ અને ટાયરની બ્રાંડ
સાથે વોટ્સ એપ કરો અને ભાવ જાણો
96 874 40 530
YOKOHAMA
Continental
The Future in Motion
BRIDGESTONE
apollo
KELLY TIRES
CEAT
GOODYEAR
MICHELIN
Firestone
JK TYRE
TOTAL CONTROL
MRF
સંતોષકારક ઈંસ્ટોલેશન
ફિક્સ અને વાજબી ભાવ
3D કમ્પ્યુટરાઇઝ્ડ
વ્હીલ અલાઈમેન્ટ
વ્હીલ બેલેન્સીંગ
કાર વોશિંગ
AUTO RELAX
ફોમ વોશ
ઇન્ટીરિયર ક્લીનિંગ
પોલીશ
સ્ટીમ વોશ
વેક્યુમ ક્લીનિંગ
* વ્હીલ અલાઈમેન્ટ અને વ્હીલ બેલેન્સિંગ આધુનિક મશીન દ્વારા અનુભવી ટેકનિશિયનના હાથે
ચોકસાઈ સાથે કરવામાં આવે છે. ગ્રાહકનો સંતોષ જ અમારી પ્રથમ પ્રાથમિકતા છે.
* શરતોને આધીન
FOR ANY INQUIRY
+91 96 874 40 530
કાકોશી ચાર રસ્તા, સર્વોદય સત ઈસબગુલ ફેક્ટરીની સામે
અમદાવાદ - પાલનપુર હાઈવે, સિધ્ધપુર -૩૮૪૧૫૧. (ગુજરાત)

# میر انیس مرثیہ

# મીર અનીસના મરસિયા



મરસિયા–૨૦ (ગતાંકનું ચાલુ) مرثیہ-۲۰

| ચઝીદની પત્ની હિન્દનું કેદખાનામાં આવીને અસીરાને અહલેબૈત (અ.)ની ખરાબ હાલત પર રડવું | زوجۂ یزید ہند کا قید خانے میں آکر اسیرانِ اہلِ بیتؑ کی حالتِ زار پر اشکبار ہونا |
|---|---|

તھا حالِ فاطمہؑ بھی علیٰ ھٰذہ القیاس — صرف رہ کریم تھا جو کچھ تھا ان کے پاس
دنیا میں تھی اگر تو انہیں اک فدک کی آس — جب چھن گیا تو کرتی تھیں فاقے وہ حق شناس ૨૨
دو دن نہ جسمِ پاک میں پوشاکِ نو رہی
خود اُٹھ گئیں جہان سے چادر گرو رہی

((હિન્દ બોલી કે,) "ફાતેમા ઝહરા (અ.)ની પરિસ્થિતિ પણ આ પ્રમાણે હતી, કે આપ (અ.)ની પાસે જે કંઈ પણ હતું તે કરીમ (અલ્લાહ)ની રાહમાં ન્યોછાવર હતું. આપ (અ.)ને દુનિયામાં જો કોઈ આશા હતી તો તે માત્ર 'ફદક'ની જ હતી. જયારે તે પણ છીનવાઈ ગયો, તો હકને ઓળખનાર એ બીબી ફાકા કરતાં હતાં. બે દિવસ પણ આપ (અ.)ના મુબારક તન પર નવો પોશાક ન રહ્યો. છેવટે આપ (અ.) દુનિયાથી ઈન્તેકાલ કરી ગયાં અને આપ (અ.)ની ચાદર ગીરવી રહી.)

ہے آج تک جہاں میں علیؑ کے کرم کا شور — ہر ایک کی زباں پہ ہے نقلِ فقیرِ کور
تھا بازوئے رسولؐ میں دستِ خدا کا زور — پر واہ رے کرم نہ گوارا تھا رنجِ مور ૨૩
کی اس نے کچھ زباں سے شکایت تو ڈر گئے
کاندھے پہ رکھ کے مشک ضعیفہ کے گھر گئے

(દુનિયામાં આજ દિવસ સુધી અલી (અ.)ના કરમની બોલબાલા છે. (આજે પણ) દરેકની ઝબાને (એ) અંધ ફકીરનો કિસ્સો (જીવંત) છે. રસૂલ (સ.)ના બાઝૂ (એવા મૌલા અલી (અ.))ની અંદર અલ્લાહના હાથોનું જોર હતું. પરંતુ વાહ રે આપ (અ.)નો કરમ! કે એક કીડીને પણ દુ:ખ પહોંચે એ આપ (અ.)ને મંજૂર ન હતું. જ્યારે તે (વૃદ્ધા સ્ત્રી)એ ઝબાનથી સહેજ ફરિયાદ કરી તો આપ (અ.) ચિંતિત થઈ ગયા, અને પોતાના ખભા પર મશ્ક ઉઠાવીને તે ઝઈફાના ઘેર (તેને મૂકવા) ગયા.)

૨૪

رانڈوں کے وارث اور یتیموں کے تھے پدر    قاتل پہ مرتے مرتے رکھی رحم کی نظر
ہر دم حسینؑ پہ یہ تقیّد تھی اے پسر    قیدی کے بھی بعام کی رکھیو ذرا خبر
راضی نہ اس کے قتل پہ مشکل کشا ہوئے
مشکیں جو باندھ دیں تو حسنؑ سے خفا ہوئے

(આપ (અ.) બેવાઓના વારિસ અને યતીમોના બાપ હતા. મરતાં મરતાં પણ (આપ (અ.)એ) કાતિલ ઉપર રહમની નજર કરી. દરેક પળે હુસૈન (અ.)ને તાકીદ હતી કે અય બેટા! (આ) કેદીના ખાવા પર પણ જરા ધ્યાન આપજો. તે (કાતિલ)ની કતલ પર મુશ્કિલકુશા (અ.) સંમત ન થયા. (જ્યારે) તેનાં બાવડાં બાંધવામાં આવ્યાં તો હસન (અ.)થી ખફા થઈ ગયા.)

૨૫

خَلقِ خدا ہے معترفِ خُلقِ مجتبیٰؑ    دریائے فیض ابرِ کرم منبعِ سخا
یادش بخیر ذکر کروں کیا حسینؑ کا    آقا کو دیر گاہ سلامت رکھے خدا
دونوں جہاں میں کیا برکت ایک دم سے ہے
قائم جو ہے زمیں تو انہیں کے قدم سے ہے

(અલ્લાહની મખ્લૂક હસને મુજ્તબા (અ.)ના અખ્લાકની કાઈલ છે. આપ (અ.) ફૈઝનો દરિયો, કરમનું વાદળ અને સખાવતનું ઝરણું હતા. હુસૈન (અ.)ની યાદ ભલી રહે કે આપ (અ.)નો તો હું શું ઝિક્ર કરું! ખુદા આકાને દીર્ઘકાળ સુધી સલામત રાખે. બન્ને જહાનમાં કેવી બરકતો તે એક હસ્તીના લીધે છે! આ જમીન પણ જો કાયમ છે તો તેમના કદમો(ની બરકત)ને લીધે જ (કાયમ) છે.)

૨૬

تھی میں بھی فیضِ صحبتِ مولاؑ سے بہرہ ور    پیدا کیا ہے حق نے عجب طرح کا بشر
نیلے نشاں ہیں چاند سے کاندھوں پہ جلوہ گر    لے کر اناج جاتے تھے خود بیکسوں کے گھر

خو ہے پیمبروں کی شہِؑ مشرقین میں
ہیں جمع کس قدر حسنات ایک حسینؑ میں

(હું પણ મૌલાની સોબતના ફૈઝથી લાભાન્વિત હતી. હક તઆલાએ આ અજબ પ્રકારના જ માણસનું સર્જન કર્યું છે. (આપ (અ.)ના) ચાંદ જેવા ખભાઓ પર નીલા નિશાન ઝળહળી રહ્યાં છે, (કારણ કે એ ખભાઓ પર આપ (અ.)) પોતે અનાજ ઊંચકીને નિરાધાર લોકોના ઘેર આપવા જતા હતા. તે શહે મશ્રૈકેન (અ.)માં પયગમ્બરોની રીતભાત છે. તે એક જ હુસૈન (અ.)માં કેટલી બધી નેકીઓ એકઠી થયેલી છે!)

٢٧

وسواس کا مقام تردّد کی ہے یہ جا — روتے ہیں نام لے کے یہ قیدی حسینؑ کا
پھرتا نہ مجھ کو شک کوئی ہوتا جو دوسرا — گر ہے تو اک حسینؑ ہے زہراؑ کا دلربا
اس نامِ پاک سے برکت ہے جہان میں
عقدے وہ کھول دیتے ہیں سب ایک آن میں

((મને હવે) અહીં શંકા અને મૂંઝવણ ઉદ્ભવે છે, (કારણ કે) આ કેદીઓ હુસૈન (અ.)નું નામ લઈ લઈને રડે છે. જો કોઈ બીજું (નામ) હોત તો મને કોઈ શક ન રહેતો, (પરંતુ) જો કોઈ ('હુસૈન' નામનું) છે તો તે એક જ 'હુસૈન (અ.)' છે, જે ઝહરા (અ.)ના દિલબર છે. (અને) એ નામના વાસ્તે તો દુનિયામાં બરકત છે. (અને) આપ (અ.) (જ તો) પળ વારમાં મુશ્કેલીઓ હલ કરી દે છે.")

٢٨

کیں ہند نے یہ درد کی باتیں جو ایک بار — ہر قلب پر ستم کی چلی تیغِ آبدار
اللہ رے جوشِ ماتمِ سلطانِ نامدارؑ — رویا جھکا کے سر کو یزیدِ زبوں شعار
خنجر غمِ حسینؑ کا دشمن پہ چل گیا
کیا نام میں اثر ہے کہ پتھر پگھل گیا

(હિન્દે જ્યારે એકવાર આવી દર્દનાક વાતો કરી, તો દરેક (માણસના) દિલ પર સીતમની ધારદાર તલવાર ચાલી (દરેક દિલ પર તીવ્ર સદમો ગુજર્યો). અલ્લાહ રે! સુલ્તાને નામદાર (અ.)ના માતમ (ગમ)નો કેવો જોશ હતો! (કે) યઝીદ (જેવો) બદચલન (પણ) માથું ઝુકાવીને રડવા લાગ્યો. ગમે હુસૈન (અ.)નું ખંજર દુશ્મન ઉપર ફરી વળ્યું. (આ) નામમાં કેવી તાસીર છે કે પત્થર પણ પીગળી ગયો!)


KFB Milcano TM
भारत का अपना टेस्ट
મિલ્કેનો ડેરી એટલે... મધુર સ્વાદ ની ઓળખ
અમારી પ્રોડક્ટ્સ
દૂધ, દહીં, છાશ, બટર, પનીર, લસ્સી, કોફી, ક્રીમ, શુદ્ધ ઘી,
ગાયનું ઘી, ચીઝ, શ્રીખંડ, માયોનીઝ, ચોકલેટ અને આઈસ્ક્રીમ
KAUSERY FOOD N BEVERAGES PVT. LTD.
Survey No. 116, Village-Sadikpur, Ta-Kheralu, Mehsana, Gujarat-384325.
Mo: +91 76005 09129 | For Orders: +91 72270 78564 / 65
વ્યાપારી પૂછપરછ આવકાર્ય

سیرت ائمۂ اہلبیتؑ

# સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)

(જિલ્દ -૧)

ઉર્દૂમાંથી અનુવાદ:
જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

અલ્લામા સૈયદ હાશિમ માઅરૂફ હસની

**સૂરા બરાઅત**

ઈસ્લામી લશ્કર હઝરત અલી (અ.) અને કેટલાક બીજા માણસોની આગેવાનીમાં મુશરિકો ઉપર હુમલો કરતું રહ્યું, એટલે સુધી કે હિજરતનું નવમું વર્ષ શરૂ થઈ ગયું. તેની સાથે જ અરબ ટાપુમાં રસૂલે અકરમ (સ.)નો તલવાર સાથેનો જિહાદ પૂરો થયો. હજુ તો વર્ષનો છેલ્લો મહીનો ઝિલ્હજ શરૂ થયો ન હતો એવામાં અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ (સ.) ઉપર થોડાક હુક્મો નાઝિલ કર્યા કે જેમાં તે કરારોના અમલીકરણની શરતો સ્પષ્ટ કરી દેવામાં આવી કે જે આપ (સ.)એ મુશરિકો સાથે કરી હતી, જે સૂરા બરાઅતની શરૂઆતની આયતોથી જાહેર થાય છે. તેથી રસૂલે અકરમ (સ.)એ હઝરત અબૂ બક્રને લોકોની સાથે હજ કરવા રવાના કર્યા અને તેમને હુક્મ આપ્યો કે તે ત્યાં સૂરા બરાઅતની શરૂઆતની આયતો લોકોને વાંચી સંભળાવે, કેમ કે તે જમાનામાં મુસલમાનોની સાથે એ લોકો પણ હજ કરવા આવતા રહેતા હતા કે જેઓ પોતાના શિર્ક ઉપર સ્થાપિત હતા. તેથી તે વર્ષે હઝરત અબૂ બક્ર મુસલમાનોને લઈને હજ કરવા ગયા. જ્યારે તે મુસાફરી કરતાં કરતાં મકામે 'ઝુલ હુલૈફા' ઉપર પહોંચ્યા, કે જે આજકાલ મસ્જિદે શજરાના નામે પ્રખ્યાત છે, તો રસૂલે અકરમ (સ.) ઉપર વહી નાઝિલ થઈ, જેમાં અલ્લાહ તઆલાએ આપ (સ.)ને હુક્મ આપ્યો કે અબૂ બક્રના બદલે હઝરત અલી (અ.)ને મોકલે. તેની સાથે જ આવું પણ કહ્યું કે તેને આપ (સ.) પોતે અથવા એવો માણસ પહોંચાડે કે જે આપ (સ.)નામાંથી હોય. તેથી આપ (સ.)એ હઝરત અલી (અ.)ને મોકલ્યા અને તેમને હુક્મ આપ્યો કે તે આયતો હઝરત અબૂ બક્ર પાસેથી લઈને પોતે જાતે જ તેની તબ્લીગ કરે. તેથી હઝરત અલી (અ.) ગયા અને મકામે 'ઝુલ હુલૈફા' ઉપર અબૂ બક્રને મળીને તે આયતો તેમની પાસેથી લઈ લીધી. હઝરત અબૂ બક્ર મદીના પાછા આવી ગયા. તે ગભરાઈ રહ્યા હતા કે અલ્લાહ તઆલા તરફથી કાંઈક તેમના વિષે નાઝિલ થયું હશે. તેથી તેમણે કહ્યું, "અય રસૂલલ્લાહ (સ.)! શું મારા વિષે કાંઈ નાઝિલ થયું છે?" આપ (સ.)એ ફરમાવ્યું, "મને એવો હુક્મ મળ્યો છે કે તે આયતોને હું પોતે પહોંચાડું અથવા તે વ્યક્તિ પહોંચાડે કે જે મારાથી

હોય.” પેલી બાજુ હઝરત અલી (અ.) તેમના રસ્તા ઉપર આગળ વધી રહ્યા હતા, એટલે સુધી કે મક્કા પહોંચી ગયા. ઈબ્ને કસીરની અલ–બિદાયા વલ–નિહાયા મુજબ જ્યારે લોકો હજના અરકાન અદા કરવા માટે ભેગા થયા, તો આપ (અ.)એ તેમને સૂરા બરાઅતની શરૂઆતની આયતો પઢી સંભળાવી. આપ (અ.)એ લોકોની સામે જાહેરાત કરી કે આ વર્ષ પછી મક્કામાં કોઈ મુશરિક દાખલ નહીં થાય, કોઈ વ્યક્તિ નગ્ન થઈને કા'બાનો તવાફ઼ કરશે નહીં. વળી, રસૂલે અકરમ (સ.)ની સાથે જેણે કોઈ વાયદો કરેલો હોય, તે બસ તેની નિશ્ચિત મુદ્દત માટે જ હશે.

બીજી રિવાયતમાં છે કે હઝરત અલી (અ.) એ તે લોકોની આગળ સૂરા બરાઅતની આયતોની તિલાવત કરી. તેથી જ્યારે આપ (અ.) આ આયત પર પહોંચ્યા:

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا إِنَّمَا الْمُشْرِكُونَ نَجَسٌ فَلَا يَقْرَبُوا
الْمَسْجِدَ الْحَرَامَ بَعْدَ عَامِهِمْ هَٰذَا ۚ وَإِنْ خِفْتُمْ عَيْلَةً
فَسَوْفَ يُغْنِيكُمُ اللَّهُ مِنْ فَضْلِهِ إِنْ شَاءَ ۚ إِنَّ اللَّهَ عَلِيمٌ
حَكِيمٌ ﴿٢٨﴾

*(અય ઈમાનવાળાઓ! મુશરિકો નજિસ છે, માટે તેઓ પોતાના (કરાર પ્રમાણેના) આ વર્ષ પછી મસ્જિદુલ હરામ પાસે આવવા પામે નહીં, અને જો તમને તંગદસ્તીનો અંદેશો હોય, તો અલ્લાહ ચાહશે તો પોતાના ફ઼ઝ્લથી તમને ગની બનાવી દેશે. બેશક, અલ્લાહ અલીમ અને હકીમ છે.)*

(સૂરા તૌબા, આયત–૨૮)

તો તેના પછી હઝરત અલી (અ.)એ આ કોલ ફરી વાર દોહરાવ્યો કે તે વર્ષ પછી કોઈ મુશરિક હજમાં ભાગ લેશે નહીં, કે ન નગ્ન થઈને કા'બાનો તવાફ઼ કરશે. રસૂલે અકરમ (સ.)ની સાથે નિશ્ચિત મુદ્દત માટે જેનો કોઈ વાયદો હશે તે બસ તે જ મુદ્દત સુધી કાયમ રહેશે.

જ્યારે મુશરિકોએ આ નિર્ણય સાંભળ્યો, તો તેમનાં દિલ વેર અને ભયથી થથરી રહ્યાં હતાં. હવે તેમણે પોતાને એવી સ્થિતિમાં જોયા કે જેનાથી બચવાની કોઈ રીત ન હતી, કેમ કે કુરૈશ ઈમાન લઈ આવ્યા હતા. તેઓ કમને (ઈચ્છા વગર) અને બદનામીની સાથે રસૂલે અકરમ (સ.)ની સામે નતમસ્તક થઈ ગયા હતા. જેમ કે મોટાભાગના અરબો મુસલમાન થઈ ગયા હતા અને આખો અરબ ટાપુ ઈસ્લામની સત્તા સામે ઝૂકતો જઈ રહ્યો હતો. હવે તેમના માટે એના સિવાય કોઈ રસ્તો ન હતો કે, તે એ રસ્તો અપનાવે, કે જે બીજા લોકોએ અપનાવ્યો હતો. તેથી થોડા જ મહીનાઓમાં તે બધાએ ઈસ્લામ સ્વીકારી લીધો.

તારીખ અને હદીસની કિતાબોથી જાહેર થાય છે કે હઝરત અબૂ બક્રને બદલે હઝરત અલી (અ.) ને સૂરા બરાઅત આપીને મોકલવા, હઝરત અબૂ બક્રનું રસૂલે અકરમ (સ.)ની સેવામાં પાછું આવવું અને રસૂલે અકરમ (સ.)નું એવું કહેવું કે આ સૂરાને ફક્ત હું પહોંચાડી શકું છું અથવા તે વ્યક્તિ કે જે

મારાથી હોય, આ બધી બાબતો હદીસકારો અને ઈતિહાસકારોએ સંપૂર્ણ રીતે સ્વીકારેલી છે. તેમની વચ્ચે આ ઘટનાના કોઈ ભાગના વિષે કોઈ મતભેદ નથી, અલબત્ત એ વાતમાં મતભેદ છે કે શું હઝરત અબૂ બક્ર તે વર્ષે હજ કરવા ગયા કે નહીં જ્યારે કે તેમની પાસેથી સૂરા બરાઅતની આયતો પાછી લઈ લેવામાં આવી હતી. વળી, એ કે શું તેઓ આ કઠીન કામ પર ગયા હતા કે જે રસૂલે અકરમ (સ.) એ તેમને સોંપ્યું હતું, અથવા તે બિલકુલ ગયા જ નહીં અને કદાચ હજ માટે જવું અને તે આયતોની તબ્લીગ કરવી તેમણે હઝરત અલી (અ.)ના માટે મૂકી દીધી હતી. તેથી ઘણાખરા સુન્ની હદીસકારો તે વાતથી સહમત છે કે હઝરત અબૂ બક્રે લોકોની સાથે હજ કરી જ્યારે આયતોની તિલાવત અને તે હુક્મોની તબ્લીગ હઝરત અલી (અ.)ને સોંપી હતી, જેનું વર્ણન અમે કરી ચૂક્યા છીએ.

**હઝરત અલી (અ.) હજ્જતુલ વિદાઅના સમયે**

૧૦ હિ.સ. ૨૫મી, ઝિલ્કાદે રસૂલે અકરમ (સ.) મદીનાથી કા'બાની તરફ રવાના થયા. આપ (સ.)ની સાથે કેટલાય હજાર માણસો હતા કે જેમની સંખ્યા કેટલાક ઈતિહાસકારોએ નેવું હજાર અને કેટલાકે એક લાખથી પણ વધારે જણાવી છે. તે બધા એક એવા દૃશ્યની આશા રાખતા હતા કે જેનું દૃષ્ટાંત તેના પહેલાં અરબના ઈતિહાસમાં હાજર ન હતું, કેમ કે આ અરબ ટાપુના બધા પ્રદેશોના લોકોનો મેળાવડો હતો કે જે બધા એક જ હેતુસર એક ઝંડા હેઠળ ભેગા થયા હતા અને આ કલેમાઓ પઢી રહ્યા હતા:

لَبَّيْكَ اللّٰهُمَّ لَبَّيْكَ لَبَّيْكَ لَا شَرِيْكَ لَكَ لَبَّيْكَ اَلْحَمْدُ
وَنِّعمَةُ وَالْمُلْكُ لَكَ لَبَّيْكَ

શેખ મુફીદની 'ઈર્શાદ'માં છે કે મદીનાથી પોતાની રવાનગીથી કેટલાય દિવસો પહેલાં રસૂલે અકરમ (સ.)એ હઝરત અલી (અ.)ને લખ્યું કે — જેમને આપ (સ.)એ નજરાન મોકલેલા હતા — આપ (અ.) હજ માટે મક્કામાં આપ (સ.) નાથી મળે. તેથી હઝરત અલી (અ.) પણ પોતાના સાથીઓને લઈને મક્કા રવાના થઈ ગયા જેથી તે વર્ષે રસૂલે અકરમ (સ.)ની સાથે જ હજ કરે. આપ (અ.)ની સાથે જંગમાં મેળવેલી ગનીમતો પણ હતી. તેથી હઝરત અલી (અ.) રસૂલે અકરમ (સ.) થી તે સમયે મળ્યા કે જ્યારે આપ (સ.) મક્કામાં દાખલ થવાના હતા. આપ (સ.) તેમની મુલાકાતથી ઘણા ખુશ થયા અને ફરમાવ્યું, "આપે કેમ લબ્બૈક કહ્યું છે?" હઝરત અલી (અ.)એ જવાબ આપ્યો, "યા રસૂલલ્લાહ! આપે મને આ નથી લખ્યું કે આપે કઈ બાબત ઉપર લબ્બૈક કહ્યું છે? બસ મેં મારી નિય્યતને આપની નિય્યતથી સંયુક્ત કરી દીધી છે અને મેં કહ્યું છે اِهْلَالًا كَاِهْلَالِ نَبِيِّكَ એટલે મારી લબ્બૈક તેના પર જ છે કે જેના ઉપર તારા નબીની છે. હું મારી સાથે કુરબાનીના ૩૪ ઊંટ લઈને આવ્યો છું." તેથી રસૂલે અકરમ (સ.)એ ફરમાવ્યું, "અલ્લાહો અકબર! હું મારી સાથે કુરબાનીના ૨૨

ઊંટ લાવ્યો છું. તમે મારી હજ, મારી ઈબાદત અને મારી કુરબાનીઓમાં મારી સાથે ભાગીદાર છો. તેથી એહરામ બાંધી લો અને આપના લશ્કર તરફ પાછા જાઓ. હા! જરા જલ્દી કરો, જેથી મક્કામાં દાખલ થતા સમયે આપણે એકબીજાથી મળી જઈએ." તે સમયે હઝરત અલી (અ.) પોતાના લશ્કરથી આગળ નીકળી મક્કાની નજીક પહોંચી ગયા હતા.

તે જ વર્ષે રસૂલે અકરમ (સ.)એ હુક્મ આપ્યો કે જે વ્યક્તિ પોતાની સાથે કુરબાનીનું જાનવર નથી લાવી કે જેને કુરઆને ફર્ઝ કર્યું છે, તેણે હજનું એહરામ ખોલી નાખવું જોઈએ અને તેને ઉમરા ગણી લે. તેના પછી જ્યારે અરફાત ઉપર ચઢવા લાગે તો પછી હજનું એહરામ બાંધી લે. જે કોઈ પોતાની સાથે કુરબાનીનું જાનવર લાવી હોય, તેણે એહરામ ઉપર સ્થાપિત રહેવું જોઈએ એટલે સુધી કે હજના બધા અરકાન પૂરા થઈ જાય. આ હુક્મથી મુસલમાનોમાં ગપશપ થવા લાગી, કેમ કે તેઓ પોતાના માટે લાંબું કાર્ય સમજતા હતા. તેના ઉપર રસૂલે અકરમ (સ.)એ ફરમાવ્યું, "જો હું પણ કુરબાનીનું જાનવર ન લાવ્યો હોત, તો હું પણ આ હજને ઉમરાએ મુફર્દા ગણી લેત. આ છે તે બે મુતાઓમાંથી એક કે જે રસૂલે અકરમ (સ.)ના સમયમાં મુબાહ હતા કે જેમને હઝરત ઉમરે હરામ ગણ્યા અને કહ્યું કે, "રસૂલે અકરમ (સ.)ના સમયમાં બે મુતાઅ થતા હતા, પરંતુ હું તે બન્નેને હરામ ગણું છું. અને તેમના કરવાથી સજા કરીશ."

તે જ વર્ષ દરમિયાન રસૂલે અકરમ (સ.) એ હજ વગેરેના સમયે મુસલમાનોથી કેટલીય વાર સંબોધન કર્યું અને તેમને ઈસ્લામી હુક્મો શિખવાડ્યા. તેમ જ રસૂલે અકરમ (સ.)એ પોતાની વફાત સંબંધે કહ્યું, જેનાથી લોકોના દિલોમાં આપ (સ.)ના જીવન સંબંધે ચિંતા પેદા થઈ, ખાસ કરીને તેમણે ઘણી વાર રસૂલે અકરમ (સ.)ને હઝરત અલી (અ.)ને આવું કહેતાં સાંભળ્યા કે હું આ વર્ષ પછી તમારાથી મળીશ નહીં. એક વાર રસૂલે અકરમ (સ.)એ સંબોધનની શરૂઆતમાં જ એવું ફરમાવ્યું કે, "અય લોકો! શક્ય છે કે મારો બુલાવો આવી જાય અને હું તેને સ્વીકારી લઉં." તેનાથી આપ (સ.)નો અર્થ પોતાની વફાત તરફ ઈશારો કરવો હતો. એક વાર રસૂલે અકરમ (સ.) એ લોકોને ફરમાવ્યું કે, "જિબ્રઈલ મને દર વર્ષે એક વાર કુરઆન સંભળાવતા રહેતા હતા, પરંતુ આ વર્ષે તેમણે બે વાર સંભળાવ્યું છે. મને વિચાર આવે છે કે હું બોલાવી લેવામાં આવીશ. અને હું આ બુલાવાનો સ્વીકાર કરી લઈશ." તે સમયે અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ ફરમાવી:

اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ

*આજના દિવસે મેં તમારો દીન સંપૂર્ણ કરી દીધો.*

(સૂરા માએદા, આયત–૩)

રસૂલે અકરમ (સ.)ને અલ્લાહના હુક્મો પહોંચાડવાની ઘણી ચિંતા હતી તેથી આપ (સ.) ઘણી વાર મક્કામાં, અરફાતમાં, અને મિનામાં

લોકોની વચ્ચે ઊભા થઈ જતા અને દરેક સમયે પોતાની વફાત તરફ ઈશારો ફરમાવતા કે જેનાથી કોઈ માણસને છૂટવાનું નથી અને લોકોને અલ્લાહના હુકમોમાં પ્રતિબંધિત કરવા, તેમના ઉપર અમલ કરતા રહેવા અને પોતાની સુન્નત અને વલણ ઉપર ચાલવાની તાકીદ કરતા હતા. મક્કાથી મદીના જતાં જ્યારે રસૂલે અકરમ (સ.)ની સાથે માણસોની એવી જમાઅતો પણ હતી કે જેમણે તેના પહેલાં ક્યારેય મક્કા જોયું જ ન હતું. એના પહેલાં કે તે લોકો પોતપોતાની મંઝિલ તરફ વળી જાય, રસૂલે અકરમ (સ.)એ જોહફાના સ્થાનની નજીક એવી જગ્યાએ રોકાણ કર્યું કે જ્યાં ન પાણી હતું કે ન લીલોતરી. તેથી આવી જગ્યા પર રસૂલે અકરમ (સ.)ના રોકાઈ જવાથી મુસલમાનોને ઘણી નવાઈ લાગી કે જ્યાં તેનાં પહેલાં કોઈ રોકાયું ન હતું. રસૂલે અકરમ (સ.) પણ ત્યાં ન રોકાતા, પરંતુ આપ (સ.)ના ઉપર વહી નાઝિલ થઈ અને તે પણ એવા કડક શબ્દોમાં કે જે આનાથી પહેલાં ક્યારેય કહેવામાં આવ્યા ન હતા.

يَاأَيُّهَا الرَّسُولُ بَلِّغْ مَآ أُنْزِلَ إِلَيْكَ مِنْ رَّبِّكَ ۖ وَإِنْ لَّمْ تَفْعَلْ فَمَا بَلَّغْتَ رِسَالَتَهُ ۚ وَاللَّهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ

*(અય રસૂલ! જે કંઈ તારા પરવરદિગાર તરફથી તારી તરફ ઉતારવામાં આવ્યું છે, તે (લોકો સુધી) પહોંચાડી દે અને જો તેં તેમ ન કર્યું, તો જાણે તેં તેનો (કોઈ પણ) સંદેશો પહોંચાડ્યો જ નથી. અને અલ્લાહ તને લોકોના ત્રાસથી સુરક્ષિત રાખશે.)*

(સૂરા માએદા, આયત–૬૭)

હવે, રસૂલે અકરમ (સ.) માટે અલ્લાહ તઆલાનો હુક્મ બજાવી લાવ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો, ખાસ કરીને એટલા માટે કે અલ્લાહ તઆલાએ આપ (સ.)ને ઈર્ષા કરનારા અને દ્વેષ રાખનારાઓના ફસાદથી સુરક્ષિત રાખવાની જામીનગીરી આપી હતી. (ક્રમશ:)

*હઝરત ઈમામ મોહંમદ તકી (અ.)એ ફરમાવ્યું છે કે, "જ્યાં સુધી દુનિયામાં તારા ઝોહદનો સવાલ છે તો તે તને જલ્દી રાહત અપાવી જ દેશે, અને જ્યાં સુધી તારો મારા ખાતર દુનિયા છોડવાનો સવાલ છે તો તે મારા કારણે તને ઈજ્જત અપાવી જ દેશે, પરંતુ શું તું મારા ખાતર અશિયાથી દુશ્મનાવટ કરી શકે છે? અથવા તો મારા ખાતર ઔલિયાથી દોસ્તી કરી શકે છે?"*

*હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "કયામતના દિવસે અલ્લાહ ખાતર આપસમાં મોહબ્બત કરનારા લોકો નૂરના મિમ્બરો ઉપર હશે, એવી રીતે કે તેમના શરીરના નૂરે, તથા તેમના મિમ્બરના નૂરે, દરેક વસ્તુને રોશન કરી દીધી હશે, એટલે સુધી કે તેઓ એ નૂર વડે જ ઓળખાશે. ત્યારે કહેવામાં આવશે કે આ એ જ લોકો છે કે જેઓ અલ્લાહ ખાતર આપસમાં મોહબ્બત કરતા હતા."[1]*

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૨, સફહા–૧૦૮

AHAD™
SOLARTECH

# સૂર્ય ઊર્જા સાથે બચતની નવી શરૂઆત


**ઘર હોય કે બિઝનેસ – દરેક માટે વિશ્વસનીય સોલાર સોલ્યુશન**

## રેસિડેન્શિયલ સોલાર પ્રોજેક્ટ

- ₹78,000 સુધીની સબસિડીનો લાભ
- માત્ર ₹1,600 ના સરળ હપ્તેથી શરૂઆત
- સબસિડીના લાભ માટે છેલ્લી તારીખ: 31-03-2027

## કોમર્શિયલ સોલાર પ્રોજેક્ટ

- NON-DCR Solar Panelsનો લાભ મેળવો
- ₹10,000 પ્રતિ kW સુધીના વધારાના ખર્ચથી બચો
- સ્કિમના લાભ માટે છેલ્લી તારીખ: 31-12-2026



+91 8140 429 440

**અહદ સોલારટેક**, બી-103, શાંતમ-7, આર.ટી.ઓ. સર્કલ પાસે, હિંમતનગર, સાબરકાંઠા, ગુજરાત - 383001

# અલ ઇર્શાદ

લેખક : શેખ મુફીદ    ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

ઇમામ મોહંમદ ઇબ્ને અલી અલ જવાદ (અ.)

## ઈમામ અબૂ જાફર અલ જવાદ (અ.)ના મોઅજિઝા અને ઈમામતની દલીલો

(ગતાંકનું ચાલુ)

બીજા દિવસે લોકો ભેગા થયા અને અબૂ જાફર અલ જવાદ (અ.) પણ પધાર્યા, સૈન્યના હોદ્દેદારો, દરબારીઓ, મંત્રીઓ અને સામાન્ય જનતાએ મામૂનનું અને અબૂ જાફર અલ જવાદ (અ.)નું સ્વાગત કર્યું. ચાંદીના ત્રણ થાળ લાવવામાં આવ્યા. એકમાં મુશ્કની છાબડીઓ મૂકેલી હતી અને કેસર લગાડેલું હતું, મુશ્કની વચ્ચે એક ચર્મપત્ર ઉપર નોંધપાત્ર સંપત્તિ, વાર્ષિક આવક અને જાગીરો લખેલી હતી. મામૂને તેને હુકૂમત તરફથી દરબારીઓ વચ્ચે વહેંચી દેવાનો હુકમ કર્યો. દસ દસ હજાર દિરહમના કોથળા ખોલવામાં આવ્યા અને આ રકમ લશ્કરી હોદ્દેદારોમાં વહેંચી દેવામાં આવી. ત્યાં હાજર દરેક માણસ દોલતથી માલદાર થઈ ગયો. શાહી નોકરોના પગારોમાં પણ મોટો વધારો કરી દેવામાં આવ્યો. હુકૂમતના ખૂણેખૂણામાં ગરીબોને ખેરાત આપવામાં આવી. મામૂન જીવનભર અબૂ જાફર (અલ–જવાદ) (અ.) પ્રત્યે ઉદાર રહ્યો અને પોતાની ઓલાદમાં તેમને ઉચ્ચ દરજ્જા આપ્યા.

લોકોએ આ રીતનાં નિવેદનો આપ્યાં છે:

ઉમ્મે ફઝલે મદીનાથી પોતાના પિતાને પત્ર લખ્યો, જેમાં અબૂ જાફર (અલ–જવાદ) (અ.) વિષે ફરિયાદ કરતાં કહ્યું: “તેમની પાસે કનીઝો (દાસીઓ) છે અને તેનાથી મને ઈર્ષા થાય છે.”

મામૂને જવાબ મોકલ્યો, “મારી નાની દીકરી! અમે તમારી શાદી અબૂ જાફર અલ જવાદ (અ.) સાથે એટલા માટે નથી કરી કે જે વસ્તુઓ હલાલ છે તેમનાથી તેમને રોકીએ. જે ફરિયાદ તમે કરી છે, તે હવે પછી ન કરતાં.”

જ્યારે અબૂ જાફર અલ જવાદ (અ.) બગદાદથી મુસાફરીએ નીકળી રહ્યા હતા, તો આપ (અ.) મામૂનથી વિદાય થયા અને આપ (અ.)ની સાથે ઉમ્મે ફઝલ હતાં. મદીના જવાવાળી સડક ઉપર આ કાફલો પ્રયાણ કરી રહ્યો હતો.

જ્યારે કાફલો સડકની તે જગ્યાએ પહોંચ્યો કે જ્યાં કૂફન ગેટ (કૂફાનો દરવાજો) હતો, ત્યાં સુધી લોકોની ભીડ આપ (અ.)ને વિદાય કરવા

માટે આવી હતી. સાંજ પડી રહી હતી એટલા માટે આપ (અ.)એ મુસય્યબના ઘરે રોકાણ કર્યું. આપ (અ.) મસ્જિદમાં પધાર્યા. તેના આંગણામાં, એક બોરડીનું ઝાડ હતું જેના પર કોઈ ફળ નહોતાં આવ્યાં. આપ (અ.)એ એક કૂજામાં પાણી માગ્યું અને વુઝૂ કર્યું. વુઝૂનું પાણી બોરડીના મૂળમાં જતું રહ્યું. પછી આપ (અ.) ઊભા થયા અને મગરિબની નમાઝ પઢી. આપ (અ.)ની પાછળ નમાઝીઓની સફો લાગેલી હતી. પહેલી રકાતમાં આપ (અ.)એ સૂરએ હમ્દ અને સૂરએ નસ્ર પઢ્યો. બીજી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા ઈખ્લાસ પઢ્યો, પછી કુનૂત પઢી અને રુકૂઅમાં ગયા. રુકૂઅ પછી સજ્દા કર્યા અને તશહ્હુદ પઢી. તેના પછી ત્રીજી રકાત માટે ઊભા થયા અને રુકૂઅ અને સજ્દાઓ પછી કલ્મએ શહાદત અને સલામ પઢી. થોડી વાર સુધી આપ (અ.) બેસી રહ્યા અને પોતાના માઅબૂદની તસ્બીહ પઢતા રહ્યા. પછી આપ (અ.) ઊભા થયા અને નવાફિલ પઢવામાં વ્યસ્ત થઈ ગયા. આ નવાફિલ ચાર રકાતની હતી. પછી ચાર રકાત નમાઝ પઢી. બે વાર શુક્રના સજ્દા કર્યા. તેના પછી આપ (અ.) ત્યાંથી જતા રહ્યા. મસ્જિદમાં હાજર લોકોને આ જોઈને સખત નવાઈ લાગી કે મસ્જિદના આંગણામાં જે બોરડીનું ઝાડ હતું, તેમાં હવે ફૂલ આવી ગયાં હતાં. લોકોએ તેમાંથી ઠળિયા વગરનાં મીઠાં બોર માણ્યાં. તે જગ્યાએથી જ્યારે આપ (અ.) મદીના તરફ રવાના થયા, તો ઘણાબધા લોકોએ આપ (અ.)ને વિદાય આપી. મદીનામાં આપ (અ.)નું રોકાણ હિ.સ. ૨૨૦ (ઈસવી સન ૮૩૫) સુધી રહ્યું. એ જ વર્ષે મોઅતસિમ અબ્બાસી (કે જે મામૂનના પછી ખલીફા બન્યો) તેણે આપ (અ.)ને બગદાદ આવવાનું આમંત્રણ આપ્યું. એ જ વર્ષે ઝિલ્કાદ મહીનામાં આપ (અ.) ની શહાદત બગદાદમાં થઈ. આપ (અ.)ની કબ્ર આપ (અ.)ના દાદા ઈમામ મૂસા ઈબ્ને જાફર (અ.) ની કબ્રની બાજુમાં બની.

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદે, મોહંમદ ઈબ્ને યાકૂબના હવાલાથી, તેમણે અહમદ ઈબ્ને ઈદરીસના હવાલાથી, તેમણે મોહંમદ ઈબ્ને હસ્સાનના હવાલાથી, તેમણે અલી ઈબ્ને ખાલિદના હવાલાથી જણાવ્યું છે કે,

હું (અલી ઈબ્ને ખાલિદ) અસ્કર (સામર્રા) માં હતો અને મને જણાવવામાં આવ્યું કે એક માણસ કેદખાનામાં છે. તે માણસને જંઝીરો અને બેડીઓમાં જકડીને શામમાં લાવવામાં આવ્યો છે. તે રીતની અફવાઓ ફરી રહી છે કે તેણે નબુવ્વતનો દાવો કર્યો છે. મેં કેદખાનાના દરબાનને રાજી કર્યો અને તેણે મને અંદર જવાની રજા આપી દીધી. મેં જોયું તો તે માણસ મને શાણપણવાળો અને સમજદાર લાગ્યો. મેં પૂછ્યું, “ભાઈ, તમારો ઈતિહાસ શું છે?”

“શામમાં હું એક મામૂલી માણસ હતો,” તેણે કહ્યું. “હું અલ્લાહની ઈબાદતમાં વ્યસ્ત હતો. હું તે જગ્યાએ ઈબાદત કરી રહ્યો હતો કે જ્યાંના બારામાં કહેવાતું હતું કે ત્યાં ઈમામ હુસૈન (અ.)

નું સર મુબારક મૂકવામાં આવ્યું હતું. એક રાત્રે, હું કિબ્લાની તરફ મોઢું કરીને બેઠો હતો અને ઈબાદત કરી રહ્યો હતો, તેવામાં મેં જોયું કે એક માણસ મારી સામે આવીને ઊભો થઈ ગયો છે. મેં તેમની તરફ જોયું તો તેમણે મને ચાલવાનું કહ્યું. હું તેમની સાથે ચાલવા માંડ્યો. એકાએક અમે મસ્જિદે કૂફામાં આવી ગયા. તેમણે મને પ્રશ્ન કર્યો, "શું તમે આ મસ્જિદથી વાકેફ છો?" મેં જવાબ આપ્યો, "હા, આ મસ્જિદે કૂફા છે." તે માણસે મને કહ્યું કે ચાલો આપણે અહીં નમાઝ પઢીએ. અમે બન્નેએ નમાઝ પઢી. પછી અમે ત્યાંથી ચાલ્યા. હજુ થોડે દૂર ગયા હતા એવામાં અમે મસ્જિદે નબવીમાં પહોંચી ગયા. તેમણે રસૂલે ખુદા (સ.) ઉપર દુરૂદ મોકલ્યું અને ત્યાં પણ અમે નમાઝ પઢી. પછી અમે લોકો ત્યાંથી ચાલ્યા અને થોડાં પગલાં ચાલ્યા હતા કે અમે લોકો મક્કામાં આવી ગયા. મેં તે માણસની સાથે હરમે પાકનો તવાફ કર્યો. ત્યાંથી બહાર નીકળીને થોડેક જ દૂર ચાલ્યા હતા કે અમે તે જગ્યાએ આવી ગયા, એટલે કે શામના મુલકમાં કે જ્યાંથી અમારી મુસાફરીની શરૂઆત થઈ હતી. ત્યાં આવીને તે માણસ દૃષ્ટિથી ઓઝલ થઈ ગયો અને હું સ્તબ્ધ થઈ ગયો હતો કે આ બધું કેવી રીતે થયું.

"બીજા વર્ષે મેં ફરીથી એ જ માણસને જોયો. તેમને જોઈને મને અનહદ આનંદ થયો. તેમણે મને બોલાવ્યો તો હું ત્યાં ગયો. તેમણે એ જ ક્રિયા ફરીથી કરી કે જે અગાઉના વર્ષે કરી હતી, અને જ્યારે તેમણે મને પાછો શામ મુલકમાં લાવીને મૂકી દીધો તો મેં તે માણસને પ્રશ્ન કર્યો કે, "મેં આપનામાં જે હક જોયો છે તેના વાસ્તાથી હું આપને પૂછું છું, શું આપ મને કહેશો કે આપ કોણ છો?"

તે માણસે જવાબ આપ્યો, "હું મોહંમદ ઈબ્ને અલી ઈબ્ને મૂસા ઈબ્ને જાફર (અ.) છું." મેં તે ઘટનાની વાત એક માણસને કરી કે જે મારી પાસે આવતો રહેતો હતો. તે માણસે આ ઘટના સાંભળીને મોહંમદ ઈબ્ને અબ્દુલ મલિક ઝય્યાતને (કે જે મોઅતસિમ અબ્બાસીનો વઝીર હતો) સંભળાવી. તેણે મારી ધરપકડ કરાવી જંઝીરો અને બેડીઓમાં બાંધી દીધો અને મને ઈરાક મોકલી દીધો અને અહીં હું કેદખાનાની તકલીફો સહન કરી રહ્યો છું, જેવું કે તમે જોઈ રહ્યા છો. મારા પર ધોખેબાજ હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો."

મેં તેને ખાતરી આપી કે હું તમારી આપવીતી મોહંમદ ઈબ્ને અબ્દુલ મલિક ઝય્યાતને જણાવીશ.

"મારા ઉપર મહેરબાની થશે," તે બોલ્યો.

મેં બધી ઘટનાઓ લખી દીધી અને મારા સંદેશવાહક જોડે મોહંમદ ઈબ્ને અબ્દુલ મલિક ઝય્યાતને મોકલી દીધી. મારો સંદેશવાહક આ મુજબનો જવાબ લઈને આવ્યો: જે તમને એક રાતમાં શામથી કૂફા, કૂફાથી મદીના, મદીનાથી મક્કા અને પછી મક્કાથી સીરિયા પાછો લઈ ગયો, તેને કહો કે તે તેમને જેલમાંથી બહાર લઈ જાય.

અલી ઈબ્ને ખાલિદે રિવાયત કરી છે:

તેના મામલા વિષે હું ચિંતિત થઈ ગયો. મને શરમ આવી અને તેના માટે દુઃખી થઈને ચાલ્યો

ગયો. બીજા દિવસે હું તેને પરિસ્થિતિ જણાવવા અને તેને મક્કમ રહેવા અને સબ્ર કરવાની નસીહત આપવા વહેલો જેલમાં પહોંચી ગયો. મેં કેદખાનાની આસપાસ સિપાહીઓનું લશ્કર અને રક્ષકોની ભીડ જોઈ. મેં પરિસ્થિતિ વિષે પૂછ્યું તો મને કહેવામાં આવ્યું: "જે માણસને મુલ્કે શામથી કેદી બનાવીને લાવવામાં આવ્યો હતો અને તેના ઉપર આરોપ હતો કે તે જુઠ્ઠા નબી હોવાનો દાવેદાર છે, તે ગઈકાલે આ કેદખાનામાંથી ગુમ થઈ ગયો છે. કોઈ નથી જાણતું કે તે માણસને જમીન ગળી ગઈ કે પછી પક્ષીઓ ઉઠાવી ગયાં."

આ માણસ — એટલે કે અલી ઈબ્ને ખાલિદ — ઝૈદી હતા, પરંતુ તે ઘટના પછી તે ઈમામી શીઆ ફિરકામાં જોડાઈ ગયા.

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદે, મોહંમદ ઈબ્ને યાકૂબની સનદથી, તેમણે હુસૈન ઈબ્ને મોહંમદના હવાલાથી અને તેમણે મુઅલ્લા ઈબ્ને મોહંમદના હવાલાથી, તેમણે મોહંમદ ઈબ્ને અલીના હવાલાથી, તેમણે મોહંમદ ઈબ્ને હમ્ઝાના હવાલાથી, તેમણે મોહંમદ ઈબ્ને અલી અલ હાશિમીની સનદથી જણાવ્યું છે કે તેઓ કહેતા હતા કે,

હું (મોહંમદ ઈબ્ને અલી અલ હાશિમી) અબૂ જાફર મોહંમદ ઈબ્ને અલી (અ.)ની ઝિયારત માટે ગયો. આપ (અ.)ની શાદી એક દિવસ પહેલાં મામૂનની બેટી સાથે થઈ હતી. હું બીમાર હતો અને રાતે દવા લીધી હતી. હું પ્રથમ માણસ હતો કે આપ (અ.)ની શાદીની બીજી સવારે આપ (અ.)ને મળવા ગયો હતો. તે સમયે હું ઘણો તરસ્યો હતો, પરંતુ મારી હિંમત નહોતી થતી હતી કે પાણી માગું, અબૂ જાફર અલ જવાદ (અ.)એ મારા ચહેરા ઉપર નજર કરી અને બોલ્યા, "હું જોઈ રહ્યો છું કે તમે ઘણા તરસ્યા છો."

"જી, હા." મેં જવાબ આપ્યો.

આપ (અ.)એ ખાદિમને પાણી લાવવાનો હુકમ આપ્યો.

મને એ વિચાર આવ્યો કે તે લોકો પાણીમાં ઝેર મેળવીને લાવશે. હું વ્યાકુળ થઈ ગયો. એટલામાં ખાદિમ પાણી લાવ્યો.

ઈમામ જવાદ મારી સામે જોઈને હસ્યા અને કહ્યું, "ખાદિમ મને પાણી આપો."

ખાદિમે આપ (અ.)ને પાણી આપ્યું. આપ (અ.)એ પહેલાં પીધું, પછી મને આપ્યું. મેં પણ પાણી પીધું. હું આપ (અ.)ની પાસે ખાસ્સી વાર સુધી બેસી રહ્યો. પછી મને ફરીથી તરસ લાગી. આપ (અ.)એ ફરીથી પાણી લાવવા કહ્યું. જે રીતે પ્રથમ વાર આપ (અ.)એ પહેલાં પોતે પીધું હતું, તે જ રીતે બીજી વાર પણ પીધું. પછી હસતાં હસતાં મને પાણી આપ્યું.

મોહંમદ ઈબ્ને હમઝાએ ઉમેર્યું: મોહંમદ ઈબ્ને અલી અલ હાશિમીએ મને કહ્યું: અલ્લાહની કસમ, મને લાગે છે કે અબૂ જાફર (અલ–જવાદ) જાણતા હતા કે માણસોના મનમાં શું ચાલી રહ્યું છે, જેવો કે રાફઝીઓ દાવો કરે છે. (ક્રમશઃ)

# مصباح الشريعة

# મિસ્બાહુશ્શરીઆ

અનુવાદક: હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)
હાજરપીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદે.)

## اَلْبَابُ الثَّانِيْ عَشَرَ فِيْ قِرَآءَةِ الْقُرْاٰنِ

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ: "مَنْ قَرَاَ الْقُرْاٰنَ وَلَمْ يَخْضَعْ لِلّٰهِ وَلَمْ يَرِقَّ قَلْبُهٗ وَلَا يُنْشِئُ حُزْنًا وَّوَجَلًا فِيْ سِرِّهٖ، فَقَدِ اسْتَهَانَ بِعِظَمِ شَاْنِ اللّٰهِ تَعَالٰى وَخَسِرَ خُسْرَانًا مُّبِيْنًا."

## બાબ – ૧૨: કુરઆનની તિલાવત વિષે

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "જે માણસ કુરઆન પઢે અને અલ્લાહ તઆલા સામે (ખુઝૂઅ) કરગરે નહીં, અને તેનું દિલ નરમ પડે નહીં (રુદન ન કરતું હોય), અને તેના ભીતરમાં ગમ અને દુ:ખ પેદા કરે નહીં, તો તેણે અલ્લાહ તઆલાની મહાન શાનની તૌહીન કરી, અને તેણે પૂરેપૂરું નુકસાન ઉઠાવ્યું.

فَقَارِئُ الْقُرْاٰنِ مُحْتَاجٌ اِلٰى ثَلَاثَةِ اَشْيَآءَ: قَلْبٍ خَاشِعٍ، وَّبَدَنٍ فَارِغٍ، وَّمَوْضِعٍ خَالٍ، فَاِذَا خَشَعَ لِلّٰهِ قَلْبُهٗ فَرَّ مِنْهُ الشَّيْطَانُ الرَّجِيْمُ.

એટલે જ કુરઆનનો કારી ત્રણ વસ્તુઓનો મોહતાજ છે: ખુશૂઅ કરનાર દિલ, ફરાગત પામેલું શરીર, અને એકાંત જગ્યા. તો જ્યારે તેનું દિલ અલ્લાહ માટે ખુશૂઅ કરે છે, તો શયતાન મરદૂદ તેનાથી દૂર ભાગી જાય છે.

قَالَ اللّٰهُ تَعَالٰى: "فَاِذَا قَرَاْتَ الْقُرْاٰنَ فَاسْتَعِذْ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ ﴿٩٨﴾"، فَاِذَا تَفَرَّغَ نَفْسُهٗ مِنَ الْاَسْبَابِ تَجَرَّدَ قَلْبُهٗ لِلْقِرَآءَةِ وَلَا يَعْتَرِضُهٗ عَارِضٌ فَيَحْرِمَهٗ بَرَكَةَ نُوْرِ الْقُرْاٰنِ وَفَوَآئِدَهٗ، فَاِذَا

અલ્લાહ તઆલા ફરમાવે છે, "(અય રસૂલ (સ.)!) જ્યારે પણ આપ કુરઆન પઢો, તો શયતાન મરદૂદથી અલ્લાહની પનાહ માગો."[1] પછી જ્યારે તેનો નફસ મોહથી ફરાગત પામી લે, તો તેનું દિલ

1 સૂરા નહલ, આયત–૯૮

اتَّخَذَ مَجْلِسًا خَالِيًا وَّاعْتَزَلَ عَنِ الْخَلْقِ بَعْدَ اَنْ اَتٰى بِالْخَصْلَتَيْنِ: خُضُوْعِ الْقَلْبِ وَفَرَاغِ الْبَدَنِ اسْتَاْنَسَ رُوْحُهٗ وَسِرُّهٗ بِاللّٰهِ عَزَّ وَجَلَّ، وَوَجَدَ حَلَاوَةَ مُخَاطَبَاتِ اللّٰهِ تَعَالٰى عَزَّ وَجَلَّ عِبَادَهُ الصَّالِحِيْنَ وَعَلِمَ لُطْفَهٗ بِهِمْ وَمَقَامَ اخْتِصَاصِهٖ لَهُمْ بِفُنُوْنِ كَرَامَاتِهٖ وَبَدَآئِعِ اِشَارَاتِهٖ.

કિરાઅત માટે તૈયાર થઈ જશે, અને તેને કોઈ અડચણ નડશે નહીં કે જે તેને કુરઆનના નૂરની બરકતોથી અને તેના ફાયદાઓથી મહેરૂમ કરી દે. અને જ્યારે તે કોઈ એકાંત જગ્યામાં બેસી જાય અને મખ્લૂકથી દૂરી ઈખ્તિયાર કરી લે, એ પછી કે તેની પાસે આ બે સદ્ગુણો — દિલનું ખુઝૂઅ અને બદનની ફરાગત — આવી જાય, તો અલ્લાહ અઝ્ઝ વ જલ્લ સાથે તેની રૂહ અને તેનું દિલ આત્મીયતા પામી જશે, અને તે અલ્લાહ તઆલા અઝ્ઝ વ જલ્લે પોતાના નેક બંદાઓને કરેલાં સંબોધનોનો સ્વાદ ચાખશે, અને તે જાણશે તેમના ઉપર કરેલા લુત્ફને અને અલ્લાહે તેમની જે પસંદગી કરી છે તેના મર્તબાને, અલ્લાહની કરામતોનાં કાર્યો કરીને અને અલ્લાહના ઈશારાઓને સારી રીતે સમજીને.

فَاِنْ شَرِبَ كَاْسًا مِّنْ هٰذَا الْمَشْرَبِ لَا يَخْتَارُ عَلٰى ذٰلِكَ الْحَالِ حَالًا وَّعَلٰى ذٰلِكَ الْوَقْتِ وَقْتًا، بَلْ يُؤْثِرُهٗ عَلٰى كُلِّ طَاعَةٍ وَّعِبَادَةٍ، لِاَنَّ فِيْهِ الْمُنَاجَاةَ مَعَ الرَّبِّ بِلَا وَاسِطَةٍ، فَانْظُرْ كَيْفَ تَقْرَاُ كِتَابَ رَبِّكَ وَمَنْشُوْرَ وَلَايَتِكَ، وَكَيْفَ تُجِيْبُ اَوَامِرَهٗ وَتَجْتَنِبُ نَوَاهِيَهٗ وَكَيْفَ تَتَمَثَّلُ حُدُوْدَهٗ فَاِنَّهٗ كِتَابٌ عَزِيْزٌ: "لَّا يَاْتِيْهِ الْبَاطِلُ مِنْۢ بَيْنِ يَدَيْهِ وَلَا مِنْ خَلْفِهٖ ۭ تَنْزِيْلٌ مِّنْ حَكِيْمٍ حَمِيْدٍ ﴿٤٢﴾"، فَرَتِّلْهُ تَرْتِيْلًا وَّقِفْ عِنْدَ وَعْدِهٖ وَوَعِيْدِهٖ، وَتَفَكَّرْ فِيْ اَمْثَالِهٖ وَمَوَاعِظِهٖ، وَاحْذَرْ اَنْ تَقَعَ مِنْ اِقَامَتِكَ

અને જો તે આ પાણીના સંગ્રહમાંથી એક કટોરો પી લેશે, તો પછી તે, તે હાલત પર કોઈ બીજી હાલતને, અને તે સમય પર બીજા કોઈ સમયને, ક્યારેય પસંદ નહીં કરે; પરંતુ તે તેને દરેક ઇતાઅત અને ઇબાદત પર પ્રાથમિકતા આપશે, કારણ કે તેમાં કોઈ મધ્યસ્થી વગર રબ સાથે મુનાજાત છે. એટલે તું ઊંડો વિચાર કર કે તું તારા રબની કિતાબની, અને તારી વિલાયતને પ્રસારિત કરનારની કેવી રીતે કિરાઅત કરે છે, અને તું તેના હુકમોને કેવી રીતે બજાવી લાવે છે અને તું તેની મનાઈ કરેલ બાબતોથી કેવી રીતે બચે છે, અને


حُرُوْفَهُ فِيْٓ إِضَاعَةِ حُدُوْدِهِ.

તું કેવી રીતે તેની હદોને કલ્પનામાં લાવે છે, કારણ કે તે ઈઝ્ઝતવાળી કિતાબ છે કે "જેમાં બાતિલ પ્રવેશ કરી શકતું જ નથી, ન સામેથી કે ન પાછળથી, (તે) હિકમતવાળા તારીફ્ને પાત્ર અલ્લાહ તરફથી ઉતારેલી છે."[1] એટલે તું તેને તર્તીલની સાથે પઢ અને તેના જન્નતના વાયદા અને તેની દોઝખની ચેતવણી પર રોકાઈ જા, અને તેનાં ઉદાહરણો તેમ જ નસીહતોમાં ચિંતન કર, અને તું એ વાતથી ચેતતો રહે કે તું તેના હુરૂફ્ને સાચી રીતે અદા કરવામાં તેની હદોને ઉલ્લંઘન કરનાર બની ન જાય."

---

1 સૂરા ફુસ્સિલત, આયત–૪૨





ZAHAB
JEWELLERS
હવે, ધોળકા અને
હિંમતનગર શહેરમાં
ભવ્ય શો-રૂમ સાથે
જ્યાં ભરોસો, ભવ્યતા
અને શણગારની દુનિયા
100%
100%
Zahab Jewellers
+91 99254 22977
દુકાન નંબર બી6-બી7-બી8 ગ્રાઉન્ડ ફ્લોર, શાંતમ-7, આર.ટી.ઓ. સર્કલ પાસે, હિંમતનગર, સાબરકાંઠ, ગુજરાત-383001
+91 95371 12977
ગ્રોઉન્ડ ફ્લોર, અમન કોમ્પ્લેક્સ, અમન પાર્ક પાસે, બાલાસ ચોકડી, ધોળકા-બાવળા હાઈવે, ધોળકા, ગુજરાત-382225
સ્થાપક: અકબરઅલી આઈ. ચારોલીયા (સેદ્રાણા)
www.zahabjewellers.com

# તહ્‌ઝીબુલ ઈસ્લામ

تہذیب الاسلام

લેખક: અલ્લામા મોહંમદ બાકિર મજલિસી

ઉર્દૂ અનુવાદક: મૌલાના સૈયદ મક્બૂલઅહમદ દહેલ્વી

ગુજરાતી અનુવાદક: હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

**પ્રકરણ–૩**

**ખાવા–પીવાના આદાબ**

(ગતાંકનું ચાલુ)

**(૭) અનાજ, શાકભાજી, મેવા, અને બધી ખાવાની ચીજોના ફાયદાઓનું વર્ણન**

એક બીજી મોઅતબર હદીસમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.) અને હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)થી નકલ કર્યું છે કે, “ગાજર ખાવાથી જાતીયશકિતમાં વધારો થાય છે, અને મોટા આંતરડાના દર્દથી છુટકારો મળે છે અને દુઝતા મસાની તકલીફ દૂર થાય છે.”

ચાર મોઅતબર હદીસોમાં આવેલું છે કે, “બીટ ખાઓ. જ્યાં સુધી મળી શકે ખાઓ, કેમ કે કોઈ વ્યકિત એવી નથી કે તેના શરીરમાં વાળ ખરવાની અને રકતપિત્તની નસ ન હોય, અને બીટ તેની એ નસને પીગળાવી દે છે.”

મોઅતબર હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે, હઝરત રસૂલલ્લાહ (સ.) કાકડીને નમકની સાથે ખાતા હતા.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “કાકડીને મૂળ તરફથી ખાઓ, કેમ કે એમાં બરકત હોય છે.”

બીજી હદીસમાં એ જ હઝરત (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “રીંગણ ખાઓ, કેમ કે એમાં કોઈ રોગ નથી.” અને તેની પ્રશંસામાં બીજી ઘણી હદીસો આવેલી છે.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી કેટલીક સનદોથી નકલ કરવામાં આવ્યું છે કે, “ડુંગળી મોઢાની ખરાબ વાસને દૂર કરે છે, કફને દૂર કરે છે, આળસ અને થાકને દૂર કરે છે. નસ અને સ્નાયુઓને મજબૂત બનાવે છે. દાંતોની જડોને મજબૂત કરે છે. જાતીયશકિત વધારે છે. નસલ વધારે છે. તાવને દૂર કરે છે, અને શરીરના રંગને ઊજળો કરે છે.”

હઝરત રસૂલલ્લાહ (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “જ્યારે તમે કોઈ શહેરમાં પહોંચો, તો સૌથી પહેલાં ત્યાંની પેદા થયેલી ડુંગળી ખાઓ કે તે

શહેરની બીમારીઓ તમારાથી દૂર રહેશે."

હદીસે હસનમાં હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું કે, "જે વ્યકિત લસણ ખાય તે વાસના કારણે અમારી મસ્જિદમાં ન આવે, પરંતુ જે વ્યકિત મસ્જિદમાં ન હોય અથવા મસ્જિદમાં ન જાય તે ખાઈ લે.""

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "ડુંગળી અને ભાજીનું શાક કાચું અથવા પકાવીને ખાવામાં કોઈ વાંધો નથી, પરંતુ જે વ્યકિત ખાય, મસ્જિદમાં ન આવે. (એ કારણે કે મકરૂહ છે કે જે એની નજીક બેઠેલો હોય તેને તકલીફ થાય.)"

અબશમ (જંગલી ફુદીનો)નાં વખાણમાં હદીસમાં એના ત્રણ ગુણોનાં વખાણ કરવામાં આવ્યાં છે અને તેની વિગત એ છે કે તે પેટને શકિત આપે છે, અને જો સવારના સમયે નરણે કોઠે તેનું ચૂર્ણ ખાવામાં આવે, તો પેટની ચીકાશને દૂર કરે છે.

મોઅતબર હદીસમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "હક તઆલાએ હઝરત આદમ (અ.)ને માટીથી પેદા કર્યા છે, તેથી હઝરત આદમ (અ.)એ પોતાની ઓલાદ માટે માટી ખાવી હરામ કરી દીધી."

હઝરત રસૂલે ખુદા (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે વ્યકિત માટી ખાઈને મરી જશે, તેણે જાણે કે આપઘાત કર્યો."

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "શયતાનનો સૌથી વધારે મોટામાં મોટો ફંદો માટી અને ધૂળ ખવડાવવી છે. માટી ખાવાથી શરીરમાં જુદાં જુદાં પ્રકારનાં દર્દ પેદા થાય છે. ખંજવાળ, મસા થાય છે, અને ગાંડપણનો રોગ થાય છે. પિંડલીઓની અને પગોની શકિત જતી રહે છે, અને માટી ખાવાથી ખાવાવાળાની જેટલી શકિત ઘટી જાય છે, અને તેનાથી નેક કાર્યોમાં જેટલી કમી થાય છે, કયામતના દિવસે તેનો હિસાબ થશે, અને અઝાબ આપવામાં આવશે."

હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)એ ફરમાવ્યું કે, "ચાર વસ્તુઓ શયતાની વસવસાઓમાંથી છે: માટી ખાવી, માટીને હાથથી તોડવાની ટેવ હોવી, નખોને દાંતથી કાપવા, અને દાઢી ચાવવી."

મોઅતબર હદીસમાં આવ્યું છે કે, "માટીનું ખાવું એવું જ હરામ છે કે જેવું મરેલા જાનવરનું લોહી ખાવું અને સુવ્વરનું ગોશ્ત, સિવાય હઝરત ઈમામ હુસૈન (અ.)ની પાક કબ્રની માટીના કે જેને ખાકે શિફા કહેવામાં આવે છે કે તેને એક ચણા જેટલું ખાવું દરેક દર્દના માટે શિફા છે, અને દરેક ભય અને જોખમના માટે સલામતીનું કારણ છે."

# આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન

લેખક: ડૉ. સૈયદ હુસૈન નસ્ર અનુવાદક: મોમિન સખાવતઅલી સુણસરા

## વિભાગ–૧

## ઈસ્લામનો પયગામ

### પ્રકરણ ૪: ઈસ્લામી ધર્મશાસ્ત્ર (Theology) (કલામ)

(ગતાંકનું ચાલુ)

ઈસ્લામે તસવ્વુફ સાથે સંકળાયેલી ખૂબ જ વિવિધતાભરી અને સમૃદ્ધ રૂહાની પરંપરા ઉપરાંત, ધર્મશાસ્ત્ર (Theology)નાં વ્યાપક અને વૈવિધ્યસભર સ્વરૂપો પણ રજૂ કર્યાં છે, જેમને ઈસ્લામી વિચારમાં 'કલામ' તરીકે ઓળખવામાં આવે છે. એવું કહેવાય છે કે આ પરિભાષા અલ્લાહના કલામની એટલે કે કુરઆનની સમજણ મેળવવાનો નિર્દેશ કરે છે, અને ઈસ્લામી વિચારના આ સ્વરૂપના સ્થાપક હઝરત ઈમામ અલી ઈબ્ને અબી તાલિબ (અ.) હતા, માટે આપ (અ.)ને પ્રથમ 'મુતકલ્લિમ' એટલે કે કલામના વિદ્વાન ગણવામાં આવે છે. એમાં કોઈ શક નથી કે કલામ પરની ચર્ચાઓ ખૂબ જ શરૂઆતના ઈસ્લામી સમુદાયથી જ ચાલતી આવી છે.

રસૂલલ્લાહ (સ.)ની વફાત પછી, શરૂઆતની ઉમ્મતને કેટલાક એવા પ્રશ્નોનો સામનો થયો કે જે જિજ્ઞાસા ધરાવનાર માનવીય મનમાં ધર્મની હકીકતો સામે આવતાં સ્વાભાવિકપણે ઉદ્ભવતા હોય છે. ઉદાહરણ રીતે, કોણ નજાત પામશે? શું તે માણસ કે જે સારાં કાર્યો કરે છે, કે પછી એ માણસ કે જે ઈમાન ધરાવે છે? અથવા, એક વ્યક્તિ કયા પ્રકારનો ગુનોહ કરશે તો તે મુસલમાન જ નહીં રહે? ઈસ્લામી ઉમ્મતની સામે બીજા કેટલાક પ્રશ્નો કુરઆનની હકીકત વિષે પણ હતા. (જેમ કે,) શું કુરઆન મખ્લૂક છે કે ગૈરમખ્લૂક? કારણ કે કુરઆન અલ્લાહનું કલામ છે, માટે જો કોઈ એમ માને કે તે મખ્લૂક છે, તો તેણે એ સ્વીકારવું જ પડશે કે અલ્લાહનું કલામ બદલાય છે, અને તેથી તેની સિફતો પણ બદલાય છે. અથવા શું તે શાશ્વત અને કાયમી છે? જો આવું જ હોય તો પછી આપણી પાસે હાલમાં જે વાસ્તવિક કુરઆન છે કે જેને સાંભળવામાં અને પઢવામાં આવે છે, અને જે એક ચોકકસ સમયે દુનિયામાં નાઝિલ થયું, તે

કેવી રીતે શકય છે? બીજા કેટલાક પ્રશ્નો અલ્લાહનાં નામ અને તેની સિફ્તોને લગતા હતા. (જેમ કે,) કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે, “અલ્લાહનો હાથ તેમના હાથ ઉપર છે,” (સૂરા ફ્ત્હ, આયત–૧૦) અથવા “અલ્લાહ સાંભળનારો અને જોનારો છે.” (સૂરા લુકમાન, આયત–૨૮) તો હવે (પ્રશ્ન એ છે કે) અલ્લાહ કેવી રીતે જુએ છે, અલ્લાહ કેવી રીતે સાંભળે છે? અલ્લાહને હાથ કેવી રીતે હોઈ શકે જ્યારે કે કુરઆન એમ પણ દાવો કરે છે કે અલ્લાહ દરેક વસ્તુથી બુલંદ છે, અને “કોઈ વસ્તુ તેના જેવી નથી?” વળી બીજા કેટલાક પ્રશ્નો અલ્લાહની માઅરેફ્ત વિષે હતા. (જેમ કે,) શું આપણે અલ્લાહને જોઈને તેની માઅરેફ્ત મેળવી શકીએ છીએ? શું અલ્લાહને જોવો શકય છે? શું આ જોવું બાતિની છે કે જાહેરી? શું કયામતના દિવસે આપણે અલ્લાહને જોઈ શકીશું, અને જો આવું શકય હોય, તો શું અલ્લાહનું કોઈ સ્વરૂપ છે?

આ બધા જ પ્રશ્નો કે જેમાંથી કેટલાક સીધેસીધા ધર્મશાસ્ત્ર (Theology) સાથે સંબંધિત હતા, જ્યારે કેટલાકના મહત્ત્વપૂર્ણ રાજકીય પ્રભાવો પણ હતા, તેમણે ઈસ્લામી ઈતિહાસની પહેલી સદી દરમિયાન શરૂઆતની ઈસ્લામી ઉમ્મતને સતત વ્યસ્ત રાખી હતી. આ ચર્ચાઓને મુસલમાનો વચ્ચે રહેલા અન્ય ધર્મોની હાજરીથી વધુ વેગ મળ્યો. એવા ધર્મો કે જેમના અનુયાયીઓએ સદીઓથી આવા જ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી, જેમાં ઈસાઈ, યહૂદી, પારસી, માનિઓ (Manichaeans) અને અને સાબેઈન જેવા ધાર્મિક સમુદાયોનો સમાવેશ થતો હતો. આ જૂથોમાંથી ઈસાઈઓ ખાસ કરીને આ દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વ ધરાવતા હતા, કેમ કે તેમણે સદીઓથી એક આગવું વિસ્તૃત ધર્મશાસ્ત્ર (Theology) વિકસાવ્યું હતું. તેમની પાસે ગ્રીક ફિલૉસૉફી અને તર્કશાસ્ત્રમાંથી લેવામાં આવેલી તમામ પ્રકારની દલીલો હતી, જેનો ઉપયોગ તેઓ ઈલાહીયત અંગેના પોતાના ઉસૂલના બચાવ માટે, અથવા અવતાર તથા ઈસાઈ ધર્મનાં અન્ય મહત્ત્વપૂર્ણ પાસાંમાં રહેલી તેમની માન્યતાઓને સમજાવવા માટે કરતા હતા. ઈસાઈ, યહૂદી, પારસી અને માનિ (Manichaean) ધર્મના ચિંતકો, ફિલૉસૉફરો અને ધર્મશાસ્ત્રીઓના આ પડકાર સામે, તેમ જ ઈસ્લામી ઉમ્મતની આંતરિક જરૂરિયાતના કારણે પણ મુસલમાનો પાસે બીજો કોઈ વિકલ્પ ન હતો, સિવાય કે તેઓ પોતાનું ખુદનું ધર્મશાસ્ત્ર વિકસાવવાની કોશિશ કરે. પરિણામે, જે અસ્તિત્વમાં આવ્યું તેને આપણે ઔપચારિક રીતે ‘કલામ’ કહીએ છીએ.

**મોઅતઝિલા**

પ્રારંભિક ‘કલામ’ જેમના ઉપદેશોથી વિકસ્યું એ મહત્ત્વના વ્યકિત હસન બસરી હતા, જેઓ હદીસના આગળ પડતા વિદ્વાનોમાંથી એક હતા. તેઓ ઈસ્લામની પહેલી પેઢીથી, એટલે કે હિ.સ. ૨૧માં તેમનો જન્મ થયો ત્યારથી લઈને, ઉમવી

કાળના લગભગ અંત સુધી, એટલે કે હિ.સ. ૧૧૦માં તેમનું અવસાન થયું ત્યાં સુધી, જીવતા રહ્યા. તેમણે પોતાના લાંબા જીવનકાળ દરમિયાન મુસલમાનોની અનેક પેઢીઓને હદીસ અને કુરઆનની તફસીરનું ઈલ્મ શિખવાડ્યું. તેઓ ઈલ્મુલ હદીસના પ્રારંભિક સ્તંભોમાંના એક છે, અને શરૂઆતી તસવ્વુફના મહાન પેશવાઓમાંથી એક છે. અગાઉ ઉલ્લેખિત પ્રશ્નોને લગતા ઉસૂલો વિષે પણ તેમણે ઉપદેશો આપ્યા, જે પાછળથી 'કલામ' તરીકે જાણીતા થયા. હકીકતમાં, તે એમના એક શાગિર્દ 'વાસિલ ઈબ્ને અતા' હતા, કે જેમણે હસન બસરીના ઉપદેશોથી પોતાની જાતને 'અલગ' (اِعْتَزَلَ) કરીને એક નવી વિચારધારા સ્થાપી, જેને 'મોઅતઝિલા' નામથી ઓળખવામાં આવે છે, જે અરબી શબ્દ અલ–મુઅતઝિલા (اَلْمُعْتَزِلَة)માંથી ઉદ્ભવે છે. આ વિચારધારા પોતાના પાંચ ઉસૂલોના કારણે જાણીતી થઈ, જેમને તેના વિવિધ પૈરવકારો અનુસરતા હતા: પ્રથમ ઉસૂલ, તોહીદ; બીજો, ઈલાહી અદ્લ; ત્રીજો, અલ–વઅદ વલ વઈદ (જઝા અને સજાનો વાયદો); ચોથો, અલ–મંઝિલ બૈન મંઝિલતૈન (બે મંઝિલો વચ્ચેની મંઝિલ); પાંચમો, અમ્ર બિલ માઅરૂફ અને નહી અનિલ મુન્કર.

આ પાંચ ઉસૂલો બસરા અને બગદાદ સાથે સંકળાયેલી અનેકવિધ મોઅતઝિલા વિચારધારાઓને એક કરે છે. તેમની (વિચારધારાઓમાં રહેલી) આ વિવિધતા છતાંય, તેમના આ પાંચ બાબતો સાથેના જોડાણના કારણે તેઓ જુદા તરી આવતા હતા. એ હકીકતની સાથે કે તેઓ દીનના અર્થઘટનમાં તર્કબુદ્ધિનો ઉપયોગ કરતા, અને એ કે તેઓ 'સ્વતંત્ર ઈચ્છા' (ઈખ્તિયાર/તફ્વીઝ) પર અને માણસને પોતાના કાર્યને અંજામ આપવામાં જવાબદાર ઠેરવવા પર ભાર મૂકતા.

શરૂઆતની સદીઓના કેટલાક મહાન મોઅતઝલી ચિંતકોમાં 'અલ–નઝ્ઝામ', 'અબુલ હુઝૈલ અલ–અલ્લાફ', મશહૂર સાહિત્યકાર 'અલ–જાહિઝ', અને 'અલ–બિશ્ર'નો સમાવેશ થાય છે. આ માણસોએ ઈસ્લામમાં અનુમાન આધારિત ધર્મશાસ્ત્ર (Speculative Theology) પર સૌપ્રથમ કિતાબો લખી. વળી, તેમનામાંથી કેટલાક તો પ્રકૃતિના અભ્યાસ તરફ વળ્યા ને આણવાદનો સિદ્ધાંત (જુઝ્અ લા યતજઝ્ઝા) વિકસાવવાનું શરૂ કર્યું કે જે પાછળ આવનારી સદીઓમાં 'કલામ'ની વિચારધારાનો એક અભિન્ન ભાગ બનવાનો હતો.

મામૂનની ખિલાફત દરમિયાન, બગદાદમાં મોઅતઝલીઓ તેમની શકિતના શિખરે હતા. ખિલાફત તેમને ખુલ્લેઆમ સમર્થન આપતી હતી, અને મોઅતઝલીઓનો વિરોધ કરનારા મહત્ત્વના ઈમામ અહમદ ઈબ્ને હંબલને પણ તેમના વિરોધના કારણે થોડાક સમય માટે કેદ કરવામાં આવ્યા હતા. ધીમેધીમે જો કે, મોઅતઝલીઓનો પ્રભાવ ઓછો થવા લાગ્યો. તેમણે ખલીફાઓનું સમર્થન ગુમાવી દીધું, અને હિ.સ. ૩૦૦ આવતાં સુધી તો

તેમના જ એક સભ્ય કે જેમનું નામ 'અબુલ હસન અશ્અરી' હતું, તેમની વિરુદ્ધ ઊભા થયા, અને 'કલામ'ની એક નવી વિચારધારાની સ્થાપના કરી, જે 'અશ્અરી' કહેવાઈ.

અબુલ હસન અશ્અરી ઈસ્લામના પ્રારંભિક ધાર્મિક ચિંતકોમાં એક સૌથી મહત્ત્વપૂર્ણ માણસ હતા. તેમના પોતાના વસિયતનામા મુજબ, એક સ્વપ્નમાં તેમને રસૂલલ્લાહ (સ.)નો દીદાર થયો, અને આપ (સ.)એ તેમને પોતાનો માર્ગ બદલવાનો, અને મોઅતઝિલા વિચારધારાને છોડી દેવાનો, તેમ જ કુરઆનના અબદી હોવાના અકીદાની તાલીમ આપવાનો હુકમ કર્યો, કે જે મોઅતઝલીઓના કુરઆનની તખ્લીકના અકીદાની વિરુદ્ધ હતો. સાથે જ તેમને એ અકીદાની તાલીમ આપવાનો પણ હુકમ કર્યો કે અલ્લાહની મરજી (મશીય્યતે ઈલાહી) સર્વોપરી છે, જે બધી વસ્તુઓ ઉપર પ્રભુત્વ ધરાવે છે, અને સ્વતંત્ર ઈચ્છા (ઈખ્તિયાર)ને સીમિત કરનારી છે, કે જેના ઉપર મોઅતઝલીઓએ ખૂબ જ ભાર મૂક્યો હતો. અબુલ હસન અશ્અરી અનેક રીતે મોઅતઝલીઓથી અલગ પડતા હતા. અલબત્ત, તેમણે તોહીદના સિદ્ધાંતને સ્વીકાર્યો હતો, પરંતુ તેમણે અલ્લાહની ઝાતના અમૂર્ત હોવાને સ્વીકાર્યું ન હતું. તેઓ અલ્લાહનાં અસ્માઉલ હુસ્ના અને સિફતોને વાસ્તવિક માનતા હતા, કે જેને એવી પદ્ધતિથી સમજી શકાય, કે જે ન તો તશબીહ — એટલે કે શકલોસુરત આપવી — હોય, કે ન તો તન્ઝીહ — એટલે કે અમૂર્તતા — હોય, પરંતુ બન્નેની વચ્ચે હોય. તેમણે અણુવાદના સિદ્ધાંતને સ્વીકાર્યો હતો જે તેમની વિચારધારાનો પાયાનો પત્થર બની ગયો, પરંતુ તેમણે દીની ઈમાનની ચર્ચાઓમાં તર્કબુદ્ધિના અતિશય ઉપયોગને નકારી કાઢ્યો. તેમણે મોઅતઝલીઓ, અને અહલે હદીસ તથા અહલે સુન્નત જેમ કે હંબલી મઝહબને માનનારા લોકો — જેઓ દીની બાબતોમાં તર્કના ઉપયોગના સંપૂર્ણ વિરોધી હતા, તેમની — વચ્ચે સંતુલન બનાવવાની કોશિશ કરી.

અબુલ હસન અશ્અરી શાફઈ વિદ્વાન હતા, અને ટૂંક સમયમાં જ તેમને શાફઈ મઝહબને અનુસરનારા લોકોમાં લોકપ્રિયતા મળી ગઈ. તેમણે અનેક મહત્ત્વપૂર્ણ કિતાબો લખી જે અશ્અરી કલામની બુનિયાદ બની, જેમ કે, 'કિતાબ અલ–ઈબાના' (The Book of Elucidations). અને તેમણે ઈસ્લામના વિવિધ મઝહબો અને ફિરકાઓની વિચારધારાઓ ઉપર પણ એક વ્યાપક કિતાબ લખી, જેનું નામ 'મકાલાત અલ–ઈસ્લામિય્યિન' (Doctrines of the Muslims) છે. તેઓ એક બહુલેખક અને પ્રભાવશાળી માણસ હતા કે જેમણે ધર્મશાસ્ત્રની છબીને સંપૂર્ણપણે બદલી નાખી, અને અશ્અરી અકીદાને ધર્મશાસ્ત્રની એક કેન્દ્રિય વિચારધારા તરીકે સ્થાપિત કર્યો કે જેણે સુન્ની જગતની અંદર મોઅતઝલી વિચારધારાની જગ્યા લઈ લીધી.

અશ્અરી પછી તેમના શાગિર્દ 'અબૂ બક્ર બાકિલ્લાની'એ બગદાદમાં તેમની તાલીમાતને

વિસ્તારી. તેમના ઉસ્તાદની જેમ તેમને પણ ઈસ્લામી રાજકીય વિચારધારામાં, ખિલાફત તથા શરીઅત — એટલે કે અલ–દીન વલ–દૌલા એટલે કે દીન અને સિયાસત — વચ્ચેના સંબંધમાં ખૂબ રસ હતો. જો કે, પાંચમી ઈસ્લામી સદી સુધીમાં અશ્અરી વિચારધારાનો પ્રભાવ કેવળ શાફ્ઈઓ પૂરતો જ સીમિત રહ્યો. આ સમયે ખુરાસાનમાં 'કલામ'ની એક નવી વિચારધારા (કલામ અલ–મુતઅખ્ખિરીન) ઊભરી આવી, જેના સ્થાપક કિતાબ 'અલ–ઈર્શાદ' (The Book of Guidance)ના લેખક ઈમામુલ હરમૈન જુવૈની, અને ખાસ કરીને તેમના શાગિર્દ, મહાન મુતકકલિમ અને સૂફી, અબૂ હામિદ મોહંમદ ગઝ્ઝાલી હતા. ગઝ્ઝાલીએ પોતાની કિતાબ 'ઈકિતસાદ ફિલ એઅતિકાદ' અને બીજી કેટલીક કિતાબોમાં અશ્અરી વિચારધારાના ઉપદેશોને, વધુ દાર્શનિક પરિમાણો આપીને અને તેને શાફ્ઈ દુનિયાની સીમાઓની બહાર ફેલાવીને, સાર્વત્રિક બનાવી દીધી.

તેમના પછી, 'કલામ અલ–મુતઅખ્ખિરીન' અથવા નવું 'કલામ' આઠમી ઈસ્લામી સદી સુધીમાં ફખ્રુદ્દીન રાઝી, અઝુદદ્દીન ઈજી, મીર સૈયદ શરીફ જુર્જાની અને સઅદદ્દીન તફતાઝાની જેવી મહાન હસ્તીઓ દ્વારા વિસ્તૃત રીતે વિકસિત થયું. આ લોકોએ ખૂબ જ મોટા પ્રમાણમાં એક ફલસફા આધારિત 'કલામ'ની રચના કરી, જેને આજે પણ કાહેરા (Cairo)ની અલ–અઝહર અને ટ્યુનિશિયાની ઝય્તૂનિય્યા જેવી મોટી યુનિવર્સિટીઓમાં અથવા પરંપરાગત ઈસ્લામી તાલીમ આપનારા અન્ય પ્રખ્યાત મદ્રેસાઓમાં શીખવવામાં આવે છે. હકીકતમાં, અશ્અરી વિચારધારા આધુનિક સમયમાં પણ સુન્ની જગતમાં 'કલામ'ના સૌથી પ્રભાવશાળી સ્વરૂપ તરીકે બાકી રહી છે, અને શરૂઆતની સદીઓની ધર્મશાસ્ત્ર પરની કિતાબો ઉપર ઘણાબધા ગ્રંથો અને ખુલાસાઓ ધર્મનો અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ દ્વારા લખાતા અને વંચાતા રહ્યા છે.

જો કે, અશ્અરી વિચારધારાનો આટલો પ્રભાવ હોવા છતાં, 'કલામ'નાં કેટલાંક હનફી સ્વરૂપો પણ વિકસ્યાં, જે 'અલ–માતુરીદી' અને 'અલ–તહાવી'ના નામો સાથે સંબંધિત હતાં, અને જે અમુક વિસ્તારોમાં ખાસ કરીને ખુરાસાન અને મિસ્રમાં લોકપ્રિય રહ્યાં. પરંતુ સુન્ની જગતમાં અશ્અરી વિચારધારાનો પ્રભાવ એટલો બધો હતો કે તેણે માતુરીદી અને તહાવી બન્ને વિચારધારાને ઘણી પાછળ રાખી દીધી. સુન્ની જગતમાં ભલે અશ્અરી વિચારધારાનો પ્રભાવ રહ્યો હોય, પણ એવું ન હતું કે તેને બધા જ લોકો માનતા હતા. જેમ કે, કેટલાક ઈસ્લામી ચિંતકો, ખાસ કરીને હંબલી મઝહબવાળા, 'કલામ'નાં બધાં જ સ્વરૂપોનો ઈન્કાર કરતા હતા અને અશ્અરી વિચારધારાની પણ ટીકા કરતા હતા. છતાં ઈસ્લામી દુનિયાના સુન્ની ભાગમાં જે હદ સુધી 'કલામ'ને શિખવાડવામાં અને ફેલાવવામાં આવ્યું, તેમાં અલ–અશ્અરીની કિતાબોનો જ દબદબો રહ્યો હતો. (ક્રમશઃ)


Trusted Since
2014
MARVEL
JEWELLERS
દરેક પ્રસંગની ઉજવણીને
ભવ્ય બનાવો
નવીન અને આકર્ષક
ડીઝાઈન્સ સાથે
વર્ષોનો વિશ્વાસ
100% BIS હોલમાર્ક
100% બાયબેકની ગેરંટી
મારવેલ જ્વેલર્સની મેનેજમેન્ટની શાખાઓ
મુંબઈ
દુ.નં. 3/એ, હરયુ સિંઘ બહાર કો.ઓ. સોસાયટી,
ફીશ માર્કેટની નજીક, બહેરામ બાગ રોડ,
જોગેશ્વરી, મુંબઈ-400102
+91 99205 56429
સિદ્ધપુર
દુ.નં. 38-39, શ્લોક એમ્પાયર,
તાવડીયા ચાર રસ્તા, સિદ્ધપુર-384151
+91 73595 70530
છાપી
દુ.નં. 2, સાગર કોમ્પ્લેક્ષ, પીરોજપુરા રોડ,
છાપી હાઈવે-385210
+91 76988 29593
વદાણી
પ્રોપર્ટી નં. 1/291-292-293, સુપર માર્કેટની
બાજુમાં, વદાણી-મેસર રોડ, લક્ષ્મીપુરા,
જી. પાટણ - 384265
+91 63571 60571
અમદાવાદ
દુ.નં. 26, હિમાલીયા ફલકનુમા, રોયલ અકબર
ટાવરની પાછળ, APMC - સરખેજ રોડ,
જુહાપુરા, અમદાવાદ - 380055
+91 70695 70530
સુરત
HAYATT JEWELLERS
ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં. 1-2-3, બ્લોસમ એવન્યુ,
અડાજણ પાટીયા, સુરત પીન-૩૯૫૦૦૯
+91 87805 30370
www.marveljewellers.com
info@marveljewellers.com
MARVEL JEWELLERS

# હઝરત અકીલ (અ.)ના ફરઝંદો

- મૌલવી મોહંમદઅલી ભગત (બાદરપુર)

**હઝરત મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.)**

(ગતાંકનું ચાલુ)

**હઝરત મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.)નો ઈમામ (અ.)ને પત્ર:**

હઝરત મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.)એ પોતાની શહાદતના ૧૭ દિવસ પહેલાં ઈમામ હુસૈન (અ.) ને પત્ર લખ્યો કે, "અમ્મા બઅદ! સરદાર પોતાની કોમ વિષે ક્યારેય ખોટું બોલતો નથી, કૂફાવાસીઓ આપ (અ.)ની સાથે જ છે, તો જ્યારે પણ મારો પત્ર આપ વાંચો તો આવી જજો." આપ (અ.) એ આ પત્ર હઝરત આબિસ ઈબ્ને અબી શબીબ શાકિરી (અ.)ની સાથે મોકલ્યો હતો.[1]

**હઝરત મુસ્લિમ (અ.)નો હુમલો:**

ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદે પોતાનો એક ગુપ્તચર હઝરત હાની (અ.)ની પાસે મોકલ્યો. તેણે હઝરત હાની (અ.)ના ઘરમાં હઝરત મુસ્લિમ (અ.)ના હોવાની પુષ્ટિ કરી, તો ઈબ્ને ઝિયાદે હઝરત હાની (અ.)ને મળવાના બહાને પોતાની પાસે બોલાવ્યા અને આપ (અ.)ની પાસે હઝરત મુસ્લિમ (અ.)ની માંગણી કરી, પરંતુ તે વખતે આપ (અ.)એ હઝરત મુસ્લિમ (અ.)ને આપવાની મનાઈ કરી દીધી, છેવટે ઈબ્ને ઝિયાદે હઝરત હાની ઈબ્ને ઉર્વા (અ.)ને શહીદ કરી દીધા.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.) ફરમાવે છે કે, "જ્યારે હઝરત મુસ્લિમ (અ.)ને હઝરત હાની (અ.)ની શહાદતની જાણ થઈ, તો આપ (અ.) એ લોકોને બોલાવ્યા, તો કૂફાવાસીઓમાંથી ૧૪ હજાર લોકો આપ (અ.)ની પાસે એકઠા થઈ ગયા."[2] આ જોઈને ઈબ્ને ઝિયાદ ડરી ગયો અને મહેલનો દરવાજો બંધ કરી દીધો, અને હઝરત મુસ્લિમ (અ.)એ આખા મહેલને ઘેરામાં લઈ લીધો.[3] આ કિલ્લામાં અંદાજિત ૩૦ લોકો હતા, જેમાં ૨૦ કૂફાના નામવર લોકો હતા, અને બાકીનાં તેનાં પરિવારજનો હતાં. ઈબ્ને ઝિયાદના લોકો ઘોડા પર સવાર થયા અને બન્ને લશ્કર વચ્ચે જોરદાર જંગ થયો, અને ઈબ્ને ઝિયાદ કૂફાના નામવર લોકોની સાથે મહેલની દીવાલને વળગી રહીને જંગ જોઈ રહ્યો હતો.[4] જંગ થતો જોઈને ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદે પોતાની પાસે રહેલા કૂફાના નામવર લોકોને કહ્યું કે, "મહેલની ઉપર જઈને સામેવાળા

1 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૩૭૫

2 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૩૫૦

3 અલ–મનાકિબ (ઈબ્ને શહરઆશૂબ), જિલ્દ–૪, સફહા–૯૨

4 મક્તલ અલ–હુસૈન (ખ્વારિઝમી), જિલ્દ–૧, સફહા–૨૦૬; અલ–ફુતૂહ, જિલ્દ–૫, સફહા–૪૯

લશ્કરને ડરાવો." તેથી કસીર ઈબ્ને શિહાબ, મોહંમદ ઈબ્ને અશ્અસ, કઅકાઅ ઈબ્ને શૌર, શબસ ઈબ્ને રિબ્ઈ, હજ્જાર ઈબ્ને અબ્જર અને શિમ્ર ઈબ્ને ઝિલ્જૌશન મહેલની ઉપર ચડીને નિદા આપી કે, "અય કૂફાવાસીઓ! અલ્લાહથી ડરો, અને ફિત્નો ન ફેલાવો, અને મુસલમાનની એકતાને ન તોડો, અને શામના ઘોડાઓ નીચે પોતાની જાતને ન કચડો."[1] જ્યારે કૂફાવાસીઓએ આ લોકોની આવી વાત સાંભળી, તો હઝરત મુસ્લિમ (અ.)ના સાથીઓમાં રહેલા સિપાહીઓનાં પરિવારજનોએ તેમને લશ્કરમાંથી જુદા થઈ જવા તરફ દબાણ કર્યું, એટલે સુધી કે પુરુષોએ પોતાના દીકરાઓ, પોતાના ભાઈઓ અને પોતાના ભત્રીજાઓને, અને સ્ત્રીઓએ પોતાના દીકરાઓને, પોતાના શોહરોને, પોતાના ભાઈઓને પાછા બોલાવી દીધા. તેથી લોકોએ હઝરત મુસ્લિમ (અ.)નો સાથ છોડી દીધો, અને હઝરત મુસ્લિમ (અ.)એ આવી હાલતમાં મસ્જિદમાં ફક્ત ૩૦ લોકોની સાથે ઈશાની નમાઝ પઢી.[2]

**તૌઆ મોમિનાના ઘરમાં પનાહ:**

હઝરત મુસ્લિમ (અ.)એ જ્યારે આટલી ઓછી સંખ્યા જોઈ, તો ત્યાંથી નીકળી ગયા અને તે લોકો પણ આપ (અ.)ની સાથે ચાલવા લાગ્યા. આપ (અ.)એ 'કિન્દા' કબીલાનો રસ્તો પકડ્યો. આપ (અ.) થોડુંક જ ચાલ્યા અને પછી પાછળ ફરીને જોયું, તો આપ (અ.)ની પાછળ કોઈ ન દેખાયું, અને આપ (અ.)ની સાથે કોઈ માણસ ન હતો કે આપ (અ.)ને રસ્તો બતાવે. આપ (અ.)ના ચહેરા પર મુંઝવણ દેખાતી હતી. આપ (અ.) અંધારામાં ચાલતા રહ્યા અને 'કિન્દા' કબીલામાં દાખલ થયા. ત્યાં એક ઓરત — જેનું નામ 'તૌઆ' હતું — પોતાના ઘરના દરવાજા ઉપર ઊભી હતી અને પોતાના દીકરાની રાહ જોઈ રહી હતી. હઝરત મુસ્લિમ (અ.)એ તેની પાસે પનાહ માગી. તેણે આપ (અ.)ને પનાહ આપી. પછી તેનો દીકરો ઘરમાં આવ્યો. તેને ઘરમાં કોઈના હોવાની જાણ થઈ, તો તેની માને પૂછ્યું કે, "ઘરમાં કોણ છે?" તો તે મોમિનાએ તેને હઝરત મુસ્લિમ (અ.)ના હોવાની ખબર આપી અને તેના દીકરાને આ વાત છૂપી રાખવાનો હુકમ કર્યો.[3]

**હઝરત મુસ્લિમ (અ.)ની શોધ:**

જ્યારે ઈબ્ને ઝિયાદને લશ્કરનો અવાજ આવતો બંધ થઈ ગયો, તો તેને લાગ્યું કે મુસ્લિમ (અ.)ના સાથીઓ મસ્જિદમાં ગયા છે, તેથી તેણે પોતાના સિપાહીઓને કહ્યું કે, "જુઓ, શું તમને મસ્જિદમાં કોઈ દેખાય છે?" આ મસ્જિદ મહેલની પાસે જ હતી. તેના સિપાહીઓએ જોયું તો તેમાં કોઈ ન દેખાયું, પછી તેમણે મશાલો સળગાવીને જોયું, છતાંય કોઈ ન દેખાયું, તેથી ઈબ્ને ઝિયાદે

1 અલ–અખ્બાર અલ–તુવાલ, સફ્હા–૨૩૯
2 અલ–અખ્બાર અલ–તુવાલ, સફ્હા–૨૩૯
3 અલ–અખ્બાર અલ–તુવાલ, સફ્હા–૨૩૯

કહ્યું કે, "લોકો મુસ્લિમ (અ.)ને એકલા છોડીને ભાગી ગયા છે, અને પોતાની સાથે જેટલા પણ લોકો હશે તેમને લઈને ત્યાંથી નીકળી ગયા છે." તેથી ઈબ્ને ઝિયાદ મસ્જિદમાં બેઠો અને મશાલો અને દીવાઓ સળગાવ્યા.[1]

પછી ઈબ્ને ઝિયાદે મસ્જિદના મિમ્બર પરથી ખુત્બો આપ્યો અને લોકોની પાસે હઝરત મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.)ની માંગણી કરી, અને લોકોને આપ (અ.)ની શોધ માટે લાલચ આપી, અને ધમકી આપી કે જેની પાસે હઝરત મુસ્લિમ (અ.) હશે અને તે મને જાણ નહીં કરે, તો તેનું ખૂન હલાલ ગણાશે. અને જે આપ (અ.)ને પકડીને મારી પાસે લાવશે, તેને હઝરત મુસ્લિમ (અ.)ની દિયત મળશે. તેથી સિપાહીઓ આપ (અ.)ને શોધવા લાગ્યા.[2]

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)એ ફરમાવ્યું કે, "આ તૌઆનો એક દીકરો હતો, જે મોહંમદ ઈબ્ને અશ્અસ ખારજીનો ગુલામ હતો. જ્યારે તેને હઝરત મુસ્લિમ (અ.) વિષે જાણ થઈ, તો તેણે મોહંમદ ઈબ્ને અશ્અસને જાણ કરી, અને મોહંમદ ઈબ્ને અશ્અસે ઈબ્ને ઝિયાદને જાણ કરી. પછી તેણે અમ્ર ઈબ્ને હુરૈસ અલ–મખ્ઝૂમી — કે જે સિપાહીઓનો સેનાપતિ હતો —ને હઝરત મુસ્લિમ (અ.)ની તરફ મોકલ્યો, અને તેની સાથે અબ્દુર્રહમાન ઈબ્ને મોહંમદ ઈબ્ને અશ્અસ હતો. હઝરત મુસ્લિમ (અ.)ને આની જાણ ન હતી, અને આ લોકોએ છૂપી રીતે ઘરને ઘેરી લીધું. જ્યારે હઝરત મુસ્લિમ (અ.)એ આ જોયું, તો તલવાર લઈને ઘરની બહાર આવ્યા અને દુશ્મનો સાથે જંગ કરવા લાગ્યા."[3] દુશ્મનોએ ધોખાથી આપ (અ.)ના મોઢા પર તીર માર્યું, જે મોઢાની અંદર સુધી જતું રહ્યું. પછી એક ખચ્ચર લાવવામાં આવ્યું અને આપ (અ.)ને તેના પર સવાર કરીને ઈબ્ને ઝિયાદની પાસે લાવવામાં આવ્યા.[4] હઝરત મુસ્લિમ (અ.) ની પાસેથી તલવાર લઈ લેવામાં આવી, આપ (અ.)ને બચાવ કરવાનો કોઈ ઉપાય દેખાયો નહીં, તો આપ (અ.) રડવા લાગ્યા, અને આપ (અ.)ને ખબર પડી ગઈ કે આપ (અ.)ને કતલ કરી દેવામાં આવશે, અને પોતાના જીવનથી નાઉમ્મીદ થઈ ગયા, એ વખતે આપ (અ.)એ 'ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલૈહિ રાજિઊન' પઢ્યું. આ સાંભળીને આપ (અ.)ની આજુબાજુમાં જે લોકો ઊભા હતા તેમાંથી એક માણસે કહ્યું કે, "જે માણસ એ (સવાબ) મેળવવાનો હોય કે જે આપ મેળવશો, તે આવી પરિસ્થિતિમાં રડતો નથી." તો આપ (અ.) એ જવાબ આપ્યો કે, "અલ્લાહની કસમ, હું મારી જાત માટે નથી રડી રહ્યો, પરંતુ હું તો હુસૈન (અ.)

1 અલ–અખ્બાર અલ–તુવાલ, સફહા–૨૩૯

2 અલ–બિદાયા વ અલ–નિહાયા, જિલ્દ–૮, સફહા–૧૫૫

3 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૩૫૦; અલ–ઈસાબા, જિલ્દ–૨, સફહા–૭૧

4 અલ–અખ્બાર અલ–તુવાલ, સફહા–૨૪૦

અને આલે હુસૈન (અ.) પર ડરી રહ્યો છું, કારણ કે તેઓ બધા મક્કાથી આજે અથવા કાલે તમારી તરફ આવવા નીકળશે."[1]

**હઝરત મુસ્લિમ (અ.)ની શહાદત:**

પછી હઝરત મુસ્લિમ (અ.)ને ઈબ્ને ઝિયાદની સામે લાવવામાં આવ્યા. આપ (અ.)ના મોઢામાં ઘા હતો. તેણે આપ (અ.)ને કહ્યું કે, "તમે એકતાનો ભંગ કરવા માટે આવ્યા છો!" આપ (અ.)એ જવાબ આપ્યો કે, "હું એના માટે નથી આવ્યો, પરંતુ આ શહેરવાસીઓએ પત્રો લખ્યા હતા કે તારા બાપે તેમનાં લોહી વહાવ્યાં છે, અને તેમની ઈજ્જતો લૂંટી છે, અને એટલા જ માટે અમે આવ્યા છીએ કે અમ્ર બિલ માઅરૂફ અને નહી અનિલ મુન્કર કરીએ." તેણે કહ્યું કે, "તમારે આ બધી બાબતોથી શી લેવાદેવા?" પછી બન્ને વચ્ચે ઉગ્ર વાતચીત થઈ.[2] પછી આપ (અ.)એ ઉમર ઈબ્ને સઅદની તરફ જોઈને કહ્યું કે, "મારી સાથે એકાંતમાં આવ, જેથી હું તને વસિયત કરું, કારણ કે તારા કરતાં વધારે મારા નજીક આ લોકોમાં બીજું કોઈ નથી." તેથી બન્ને એકાંતમાં ગયા. હઝરત મુસ્લિમ (અ.)એ પૂછ્યું કે, "શું તું મારી વસિયતને કબૂલ કરીશ?" તેણે જવાબ આપ્યો કે, "હા." આપ (અ.)એ ફરમાવ્યું કે, "મારા પર અહીંયાં એક હજાર દિરહમનું કર્ઝ છે, તો મારા તરફથી તેની ભરપાઈ કરી દેજે, અને જ્યારે મને શહીદ કરવામાં આવે, તો મારા જિસ્મને ઈબ્ને ઝિયાદની પાસેથી માંગી લેજે કે જેથી તે મારા શરીરની બેઅદબી ન કરે, અને તારા તરફથી એક કાસિદને હુસૈન ઈબ્ને અલી (અ.)ની પાસે મોકલજે અને મારી પરિસ્થિતિથી તેમને માહિતગાર કરજે, અને એ પણ જણાવજે કે જે લોકો આપના શીઆ હોવાનું કહે છે, તેમણે મારી સાથે આવી ગદ્દારી કરી છે, અને આપ (અ.)ને જણાવજે કે બૈઅત કર્યા પછી આ લોકોએ બૈઅતને તોડી દીધી છે, માટે આપ (અ.) અલ્લાહના હરમની તરફ પાછા ચાલ્યા જાય અને ત્યાં જ રહે, અને કૂફાવાસીઓના ધોખામાં ન આવે." ઉમર ઈબ્ને સઅદે કહ્યું કે, "આપે જે પણ કહ્યું તે બધું જ હું જવાબદારીની સાથે કરીશ." પછી તે ઈબ્ને ઝિયાદની પાસે ગયો અને બન્ને વચ્ચે થયેલી બધી જ વાત તેને જણાવી દીધી.[3]

પછી ઈબ્ને ઝિયાદે હુકમ કર્યો કે આપ (અ.)ને મહેલની ઉપર લઈ જવામાં આવે, તો આપ (અ.)ને ઉપર લઈ જવામાં આવ્યા અને આપ (અ.)ની ગરદન પર તલવાર મારવામાં આવી, અને લોકોની સામે આપ (અ.)ના સર મુબારકને ફેંકવામાં આવ્યું, અને આપ (અ.)ના જિસ્મ મુબારકને 'કુનાસા'માં શૂળી પર ચડાવવામાં આવ્યું.[4]

1 અલ–બિદાયા વ અલ–નિહાયા, જિલ્દ–૮, સફહા–૧૫૫
2 અન્સાબ અલ–અશ્રાફ, જિલ્દ–૨, સફહા–૩૩૯
3 અલ–અખ્બાર અલ–તુવાલ, સફહા–૨૪૦
4 તઝિકરા અલ–ખવાસ્સ, સફહા–૨૪૨; મુરૂજ અલ–ઝહબ, જિલ્દ–૩, સફહા–૭૦

# આપણા ઘરની વાતો

**ઈન્નાલિલ્લાહે...**



કઠોરનિવાસી **મર્હૂમ મો.મંઝૂરઅલી ઈબ્રાહીમ મોમિન (ચીમનીવાલા)** મુ.તા. ૨૧, ઝિલ્હજ-૧૪૪૭ તા.૦૮/૦૬/૨૦૨૬ને સોમવારના રોજ ૨૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶



⟵ વાઘરોલનિવાસી **મર્હૂમ મો.ગુલામહુસૈન હબીબભાઈ (તાજુ) સેલીયા** મુ.તા. ૨૫, ઝિલ્હજ-૧૪૪૭ તા.૧૨/૦૬/૨૦૨૬ને શુક્રવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.




વસોનિવાસી **મર્હૂમ હૈદરઅલી અલાદભાઈ મોમિન** મુ.તા. ૨૮, ઝિલ્હજ-૧૪૪૭ તા.૧૪/૦૬/૨૦૨૬ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶



⟵ બાદરપુરનિવાસી **મર્હૂમા મો.સકીનાબેન ઈસ્માઈલભાઈ રાબડી** મુ.તા. ૦૫, મોહર્રમ-૧૪૪૮ તા.૨૧/૦૬/૨૦૨૬ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.



કાકોશીનિવાસી **મર્હૂમા મો.સાજેદાબેન મંઝૂરઅલી ઘો** મુ.તા. ૦૧, સફર-૧૪૪૮ તા.૧૬/૦૭/૨૦૨૬ને ગુરુવારના રોજ ૪૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. ⟶



⟵ સુરપુરનિવાસી **મર્હૂમ મો.વઝીરઅલી વલીભાઈ ખાણશીયા** મુ.તા. ૦૬, સફર-૧૪૪૮ તા.૨૧/૦૭/૨૦૨૬ને મંગળવારના રોજ ૭૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



ચંડીસરનિવાસી **મર્હૂમ ઐયુબઅલી નૂરભાઈ મોમિન** મુ.તા. ૨૯, સફર-૧૪૪૮ તા.૧૩/૦૮/૨૦૨૬ને ગુરુવારના રોજ ૬૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶



⟵ કાકોશીનિવાસી **મર્હૂમ હાજી ગુલામહુસૈન અલીમદભાઈ પલસાણીયા** મુ.તા. ૦૯, સફર-૧૪૪૮ તા.૨૩/૦૭/૨૦૨૬ને ગુરુવારના રોજ ૬૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમને ગરીકે રહમત કરે, અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# Hotel 365

## હોટેલ અને રેસ્ટોરન્ટ માલિકો માટે બનાવેલ એક પાવરફુલ All-in-One સોફ્ટવેર છે

**જે તમારી હોટેલની તમામ દૈનિક કામગીરીને ઝડપી, સરળ અને સંપૂર્ણ રીતે ઓટોમેટ કરે છે. Hotel Front Desk,Billing, Restaurant POS, Banquet, Inventory, Accounts અને Staff Management હવે બધું જ એક જ સિસ્ટમમાં, ઓછા ખર્ચે અને વધારે કંટ્રોલ સાથે.**




**Hotel Management System (PMS)** | **Restaurant POS** | **Channel Manager**

**Banquet Management System** | **Token System** | **Website + Booking Engine**

**ERP Suite : Attendance | Payroll | Purchase | Inventory | Income | Expenses**

**આ સોફ્ટવેરમાં પથિક ની એન્ટ્રી આપમેળે ભરાઈ જાય છે**

- Cloud-Based & Secure
- Easy Check-In / Check-Out (Auto Guest Entry)
- Document Scan
- Mobile Friendly
- Budget Friendly




## For Demo

Ahesanali Bhoraniya
+91 7359413187
ahesan@hotel365.io

Scan It

Hasanali Gathamaniya
+91 9724936478
hasan@hotel365.io

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૦૦/- મર્હૂમ મો.મીક્દાદઅલી રહીમભાઈ ભોરણીયા, મર્હૂમ રહીમભાઈ સાવદીભાઈ ભોરણીયા, મર્હૂમા મો.નૂરીબેન રહીમભાઈ ભોરણીયા (રસૂલપુર (ખેરાલુ))ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫૦/- મુશ્તાકઅલી ગુલામરસૂલ મોમિન (દમણ) તરફથી તેમના મર્હૂમ વાલિદ-વાલિદાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મર્હૂમ મો.ગુલામહુસૈન હબીબભાઈ (તાજુ) સેલીયા (વાઘરોલ)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦૦/- રાબીયાબેન હૈદરઅલી મોમિન (વસો) તરફથી મર્હૂમ હૈદરઅલી અલાદભાઈ મોમિનની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મો.ઝાહિદઅલી અમ્મારઅલી ભગત (વસો-લેસ્ટર) તરફથી ભગત પરિવારના મર્હૂમોના રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫૦/- ચીમનીવાલા (કઠોર)ના તમામ મર્હૂમોના રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.મંઝૂરઅલી ઈબ્રાહીમ મોમિન (ચીમનીવાલા) (કઠોર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- હાજી ફિદાહુસૈન પીરભાઈ ચીમનીવાલા
રૂા.૫૦૦/- ઈમ્તિયાઝઅલી હાજી ઐયુબ ચીમનીવાલા
રૂા.૧૦૦૦/- મો.ઈબ્રાહીમ હાજી ઐયુબ ચીમનીવાલા
રૂા.૨૦૦/- મો.આશિકહુસૈન હાજી ઐયુબ ચીમનીવાલા
રૂા.૧૦૦૦/- મો.ઈમ્તિયાઝઅલી અલીમોહંમદ અબ્રાહમ
રૂા.૧૨૧/- મો.રિયાઝુલ હાજી મોહંમદઅલી ચીમનીવાલા
રૂા.૧૨૧/- મો.નફીસાબાનું રિયાઝુલ ચીમનીવાલા
રૂા.૧૨૧/- મો.હૈદરઅબ્બાસ રિયાઝુલ ચીમનીવાલા
રૂા.૧૨૧/- મો.રાહતફાતેમા હૈદરઅબ્બાસ ચીમનીવાલા
રૂા.૨૦૦/- મો.શાકિરઅલી સાબિરઅલી ચીમનીવાલા
રૂા.૨૫૦/- મો.મોહસિનઅલી હાજી મોહંમદઅલી ચીમનીવાલા
રૂા.૫૦૦/- મર્હૂમ હાજી અલેજી પીરભાઈ ચીમનીવાલા
રૂા.૫૦૦/- મો.ઝાહિદઅલી શબ્બીરહસન ચીમનીવાલા
રૂા.૨૦૦/- મો.અખ્લાકઅહમદ હાજી મોહંમદઅલી ચીમનીવાલા

**મર્હૂમા મો.સકીનાબેન ઈસ્માઈલભાઈ રાબડી (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.ઈસ્માઈલભાઈ ઈબ્રાહીમભાઈ રાબડી
રૂા.૧૦૦૦/- મો.બાકરઅલી ઈસ્માઈલભાઈ રાબડી
રૂા.૧૦૦૦/- મો.હબીબાબેન બાકરઅલી રાબડી
રૂા.૧૦૦૦/- મો.શબ્બીરઅલી બાકરઅલી રાબડી
રૂા.૧૦૦૦/- મો.મંઝૂરફાતેમા શબ્બીરઅલી રાબડી

**મર્હૂમ હાજી ગુલામહુસૈન અલીમદભાઈ પલસાણીયા (કાકોશી)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.સુગરાબેન ગુલામહુસૈન પલસાણીયા
રૂા.૫૦૦/- મો.અકબરહુસૈન ગુલામહુસૈન પલસાણીયા
રૂા.૫૦૦/- મો.મેઅરાજફાતેમા અકબરહુસૈન પલસાણીયા
રૂા.૫૦૦/- મો.રહમતફાતેમા ઈનામઅહમદ ચૌધરી

રૂા.૨૫૦/- મો.મોહંમદશાકિર ઇનામઅહમદ ચૌધરી

રૂા.૨૫૦/- મો.વફીહૈદર ઇનામઅહમદ ચૌધરી

રૂા.૫૦૦/- મો.રહમતબેન શબ્બીરઅલી પલસાણીયા

રૂા.૨૦૦/- મો.મોહંમદહુસૈન શબ્બીરઅલી પલસાણીયા

રૂા.૧૦૦/- મો.કામયાબઅલી શબ્બીરઅલી પલસાણીયા

રૂા.૧૦૦/- મો.રહમતફાતેમા મોહંમદહુસૈન પલસાણીયા

રૂા.૧૦૦/- મો.ઈર્ફાનાફાતેમા કામયાબઅલી પલસાણીયા

રૂા.૧૦૦/- મો.તઝકીરાઝહરા મોહંમદહુસૈન પલસાણીયા

રૂા.૧૭૧૫/- લંડન જમાઅત તરફથી 'જાફરી આવાઝ' (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૧૩૫૯/- લેસ્ટર જમાઅત તરફથી 'જાફરી આવાઝ' (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૧૯૨૬/- મહેરુન્નિસા અલીહુસૈન મોમિન (લંડન) તરફથી 'જાફરી આવાઝ' (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૫૦૦/- મો.મિદ્હતફાતેમા ઝાકિરહુસૈન શેલીયા (કાકોશી-મુંબઈ સેન્ટ્રલ)એ M.Sc (Home science (Human development)માં 8.25 CGPA પ્રાપ્ત કર્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦૦/- મો.મોહંમદહુસૈન મદદઅલી શેલીયા (વેળાવાપુરા) તરફથી તેમણે MD (Physician) પૂર્ણ કરી Cardiologistનો અભ્યાસ શરૂ કરેલ છે તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦૦/- હાજી હાસમઅલી હાજી દાવૂદભાઈ પલસાણીયા (રસૂલપુર મે.) અને તેમના પરિવાર તરફથી તેમની દીકરી સાજેદાફાતેમાએ Diploma in Clinical & Community Psychologyમાં 84.64% પ્રાપ્ત કર્યા તેની ખુશાલી પ્રસંગે.


SINCE 1995

YF

+91 92284 15986
+91 99138 12429
+91 97140 11529

યાદગાર ફેશનવેર (ઈડર વાળા)

અલ્લાહના ફઝલો કરમથી, મુર્શિદની દુઆઓથી અને મોમિનોના સાથ-સહકારથી,
આપની જરૂરિયાત મુજબ

જેન્ટ્સવેર | લેડીઝવેર | ચિલ્ડ્રનવેર | હોઝીયરી | સૂટિંગ-શર્ટિંગ

લગતી નવીનતમ વેરાયટી, વાજબી ભાવે, વડાલી ખાતે નવીન ફેમિલી શો-રૂમ શરૂ થઈ ચૂકેલ છે.

શ્રીજી કોમ્પલેક્ષની સામે, મેઈન રોડ, વડાલી - 383235

સંપર્ક: +91 92284 15986, +91 99138 12429, +91 97140 11529

ફર્મ : યાદગાર ફેશનવેર & હોઝીયરી, બસ સ્ટેશનની સામે, ઇડર

ઇન્શાઅલ્લાહ આપની એકવારની મુલાકાત યાદગાર બની રહેશે.